# પ્રથમ ખલીફા

# હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ


સંપાદક

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)



પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન :૩૯૨૦૨૦

ફોન : ૦૨૬૪૨-૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

Web : www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૧૬૦ આવૃત્તિ-૧ પ્રત:૭૦૦૦

૨૨-જમાદીઉલઆખર હિ.સ. ૧૪૨૯ જૂન-૨૦૦૮

પોસ્ટકાર્ડ લખી કે SMS કરી મફત મંગાવો !

94274 64411 | 94278 17399

નૂરાની આર્ટ-દયાદરા


## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ઈસ્લામની કદર સમજો ! (સંપાદકના બે બોલ....) | 03 |
| અંબિયા બાદ સૌથી અફઝલ કોણ ?! | 07 |
| જન્નત વાજિબ થઈ ગઈ ! | 08 |
| મુત્તકીઓના સરદાર કોણ ?! | 09 |
| આપનું નામ તથા વંશ | 12 |
| જાહિલિયત (ઈસ્લામ પૂર્વ)ના યુગમાં આપની સ્થિતિ | 12 |
| આપનો ઈસ્લામ સ્વીકાર | 13 |
| આપના કામિલ ઈમાનવાળા હોવાનો કમાલ ! | 14 |
| સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની બહાદુરી | 21 |
| સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની નમાઝ | 22 |
| સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની સખાવત | 23 |
| સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની હુઝૂર صلی اللہ علیہ وسلم થી મહોબ્બત | 25 |
| સિદ્દીકે અકબરની અડગતા | 27 |
| હિજરતના પ્રસંગે અબૂબક્રની જાંનિસારી | 31 |
| ઝકાતના મુન્કિરો અને સિદ્દીકે અકબર رضی اللہ عنہ | 36 |
| એક ગલત આક્ષેપનું નિવારણ | 38 |
| બીમારી તથા વફાત | 39 |
| આપની કરામતો | 41 |
| આપની વિશિષ્ટતાઓ | 42 |

# ઇસ્લામની કદર સમજો !

## સંપાદકના બે બોલ !................

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ وَنُسَلِّمُ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

અલ્લાહ તબારક વ તઆલાએ કઈ રીતે હઝરત આદમ علیہ السلام નું પૂતળુ બનાવ્યું પછી તેમાં રૂહ મૂકી પછી હઝરત આદમ علیہ السلام ની ડાબી પાંસળીમાંથી હઝરત હવ્વા رضی اللہ عنہا ને પેદા કર્યાં ત્યાર પછી તેમને જન્નતમાં રાખ્યાં અને શૈતાને અદાવતમાં શું શું હરકતો કરી, પછી હઝરત આદમ علیہ السلام તથા હઝરત હવ્વા رضی اللہ عنہا ને દુનિયામાં ઉતાર્યાં અને આપનો વંશવેલો ક્રમે ક્રમે વધતો રહ્યો. પહેલાં સર્વ એક અલ્લાહને માનનારા હતા પછી ક્રમે ક્રમે શૈતાને શું શું ગુમરાહીઓ ફેલાવી, મૂર્તિપૂજા થવા લાગી અને રબ તઆલાએ માનવ જાતને સીધા માર્ગની હિદાયત માટે ક્રમે ક્રમે લગભગ એકલાખ ચોવીસ હજાર નબીઓ તથા રસૂલો મોકલ્યા, જેવા કે હઝરત શીશ علیہ السلام, હઝરત નૂહ علیہ السلام, હઝરત મૂસા علیہ السلام, હઝરત દાઊદ علیہ السلام, હઝરત ઈસા علیہ السلام અને છેલ્લે આપણા નબી કરીમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને મોકલ્યા. આપના બાદ હવે કોઈ નબી નહીં આવે, આપ આખરી નબી છે. પણ આપના પર્દો ફર્માવ્યા બાદ ખિલાફતે રાશિદા એટલે ઈસ્લામના ખલીફાઓ થયા જેમાં ચાર મહાન ખલીફાઓમાં **સૌ પ્રથમ ખલીફા હઝરત અબૂબક્ર સિદ્દીક઼** رضی اللہ عنہ થયા. ત્યારબાદ ક્રમે ક્રમે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ બીજા ખલીફા, હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ત્રીજા ખલીફા અને ચોથા ખલીફા હઝરત



અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થઈ ગયા. જે સમય ઈસ્લામનો સુવર્ણ યુગ હતો અને સમસ્ત માનવજાત માટે અમ્નો શાંતિ તથા માનવ હક્કો, સ્ત્રીના તથા યતીમો, ગુલામોના હક્કોની જાળવણીનો યુગ હતો. ત્યાર બાદ પણ ઈસ્લામી બાદશાહો થયા જેઓ ઘણા નેક હતા તેમના સમયમાં પણ અમ્નો શાંતિ રહી..... વગેરે, જે ઈસ્લામી ઈતિહાસ છે જેનું સામાન્ય જ્ઞાન તો દરેક મુસ્લિમ બાળક, યુવાન, વડીલોને, માં બહેનોને હોવું જ જોઈએ. આપણે કોણ છીએ ? આપણા નબીઓ, રસૂલો, સહાબીઓ, શહીદો, તાબઈનો, વલીઓ કેવા હતા ? ઈસ્લામના માટે કેવા જાંનિસાર હતા ? શરીઅતના કેવા પાબંદ હતા ? ઈસ્લામના માટે કેવા જાંનિસાર હતા ? અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ થી કેવી અતૂટ મહોબ્બત કરનારા હતા ? ખુદાનો કેવો ડર તેઓનાં દિલોમાં હતો ? આ સર્વ વાતોનું સામાન્ય જ્ઞાન તો મુસલમાન પાસે હોવું જ જોઈએ તો જ તે પોતાના ઈસ્લામ તથા ઈમાનનું મહત્વ તથા ક઼દર સમજીને તેના પર અડગતાથી રહી શક્શે.

**પણ અફસોસ ! હજારો અફસોસ !** આજે લોકો પાસે કલાકો સુધી ટી.વી. પર ક્રિકેટરોને તથા લેડીઝ–જેન્ટસ ખેલાડીઓને તાકતા રહેવાનો તથા ''ચિયર્સ લેડી !''નાં નખરાં જોવાનો તથા ફિલ્મો, સિરિયલો, હિરો હિરોઈનો વગેરેને જોવાનો, તેમના રેકોર્ડો તથા તેમનાં કાળાં કરતૂતો, નાજાઈઝ સંબંધોની વિગતો વગેરે સર્વ એક એક ક્રિકેટર, ખેલાડી, હિરો, હિરોઈનોની જાણવાનો, યાદ રાખવાનો સમય છે, પણ સમય નથી તો તે ઈસ્લામ તથા ઈમાન વિશે જાણવાનો કે જે એક જ જન્નતમાં લઈ જવાનો આધાર છે, જહન્નમથી નજાત અપાવવાનો આધાર છે. ઈસ્લામની પવિત્ર હસ્તીઓ નબીઓ, સહાબીઓ, વલીઓ.... વગેરેના વિશે જાણવાનો ન આપણી પાસે સમય છે ન રૂચી છે ! માં બાપો બાળકોને ક્રિશ્ચનોની, હિંદુઓની સ્કૂલોમાં તો મોકલી એજ્યુકેટેડ બનાવવા અઢળક ખર્ચો કરે છે જેથી તે બાળકની દુનિયા રોશન થઈ જાય, પણ સાથે સાથે આખેરત પ્રકાશિત તથા ઉજ્જવળ રહે એના માટે કોઈ વ્યવસ્થા બલ્કે ચિંતા કરવામાં નથી

આવતી ! તો અમારી સર્વને વિનંતિ છે કે, હે મુસલમાનો ! સૌ પ્રથમ તમો તમારી તથા તમારી ઔલાદના ઈમાન, ઈસ્લામની રક્ષા કાજેના ઈલ્મની અવશ્ય ગોઠવણ કરો અને તમારાં બાળકોને ઈસ્લામી ઈતિહાસના ખાસ કરીને મશહૂર મશહૂર બુઝુર્ગો તથા ઈમામોના વિશે જાણકાર બનાવો, આપણે "હનફી" છીએ તો "હનફી" એટલે શું ? આપણા ઈમામ કોણ ? ફિક્હના આ ઈમામો કેટલા છે ?..... વગેરે જાણકારી આપો, નહીં તો તમારી ઔલાદ ડોકટર, એંજિનિયર, વૈજ્ઞાનિક કે રાષ્ટ્રપતિ તથા વડા પ્રધાન પણ બની જાય, ગમે તે બનશે પણ જો મુસલમાન ન રહી, રસૂલે પાક ﷺ તથા બુઝુર્ગોની ચાહવાવાળી ન રહી તો તેનું તો ખરું જ ! પણ જહન્નમ તમારું પણ સ્વાગત કરવા તત્પર હશે ! (અલ્લાહની પનાહ !)

એ નેક આશયથી ગુજરાતી વાંચકોને **ખુલફાએ રાશિદીન** વિશે જ્ઞાન મળે, તેમનો મહાન મર્તબો, તેમની ઈસ્લામ તથા ઈમાન ખાતર કુર્બાનીઓ વાંચે તો ઈમાની સ્પિરિટ દિલમાં જાગે અને સાચા પાકા સુન્ની મુસ્લિમ બને એ આશયથી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના સંક્ષિપ્ત જીવન ચરિત્ર સાથે આ દિશામાં અમારું આ પ્રથમ કદમ છે જે કાર્ય માટે મને પ્રોત્સાહિત કરનાર **જનાબ સિદ્દીક્ભાઈ બાબલા (મુંબઈ)**નો હૂં ખૂબ આભાર માનુ છું કે તેમના આગ્રહના કારણે અતિશય વ્યસ્ત હોવા છતાં નાચીઝે તૂટી ફૂટી ભાષામાં વિવિધ કિતાબો જેમ કે "ખુત્બાતે મુહર્રમ, શાને સહાબા, તારીખે ખુલફા, સીરતે મુસ્તફા ﷺ, ઝિયાઉલ વાએઝીન" વગેરેમાંથી સામગ્રી એકત્રિત કરી આ કિતાબ સંપાદિત કરી છે.

રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આ કાર્યમાં દામે દિરમે કદમે સુખને જેણે જે રીતે પણ સહકાર કર્યો તેને બેહતરીન જઝાએ ખૈર બંને જહાનમાં અતા કરે. આમીન બિજાહિન્નબીકરમી ﷺ.

**-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)



رضی اللہ عنہ

# બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા ﷺની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા ﷺની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે "બરકાતે ખ્વાજા " માસિક આપની સેવામાં હાજર છે.

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

## ✪ લવાજમ ✪

| | |
|---|---|
| ★ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/- | ★ વિદેશ માટે £ 15/- |
| ★ આજીવન રૂા. ૩૦૦૦/- | ★ પેટ્રન ફી (૧૧ વર્ષ) રૂા. ૧૩૦૦/- |
| ★ વિદેશ માટે આજીવન £ 250/- | ★ વિદેશ માટે પેટ્રન £ 150/- |

## ✪ સંપર્ક સરનામુ ✪

બરકાતે ખ્વાજા *(માસિક)*, **ઈસ્લામિક વેલ્ફેર મિશન,**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા,**
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَنُصَلِّیْ وَنُسَلِّمُ عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! કોણ એવો મેહરૂમ મુસલમાન હોય જે હઝરત સિદ્દીકે અક્બર رضی اللہ عنہના વિશે ન જાણતો હોય ?! આપ તો હુઝૂર ﷺના વિસાલ ફર્માવ્યા પછી મુસલમાનોના પ્રથમ ખલીફા છે ! પણ આજના ભૌતિક્તા પાછળ ભાગી રહેલા યુગમાં ઘણા એવા મુસલમાન અને ખાસ કરીને યુવા પેઢી ઈસ્લામના ખલીફાઓ તથા ઈમામો તેમજ સહાબા તથા બુઝુર્ગો વિશે તદ્દન અજ્ઞાન જોવા મળે છે ! એને લક્ષમાં રાખીને આ સંક્ષિપ્ત પુસ્તિકામાં ઈસ્લામના પ્રથમ ખલીફા અમીરુલ મો'મિનીન હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہના જીવનની ખૂબીઓ અત્રે રજૂ કરીએ છીએ.

## ★ અંબિયા બાદ સૌથી અફઝલ કોણ ?! ★

ઉલમાએ અહલે સુન્નત વ જમાઅતનો એ વાત પર "ઈજમાઅ" (સર્વ સંમતિ) છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અંબિયાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ પછી સર્વ લોકોમાં સૌથી અફઝલ છે. હદીષ શરીફમાં છે : "નબી સિવાય અન્ય કોઈ વ્યક્તિ એવો નથી જેના પર સૂર્ય ઉગ્યો તથા આથમ્યો હોય અને તે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી અફઝલ હોય."



**અર્થાત** : દુનિયામાં નબી પછી તેમના (અબૂબક્ર) કરતાં અફઝલ કોઈ પેદા નથી થયું.

એક અન્ય હદીષમાં છે : "હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ લોકોમાં સૌથી શ્રેષ્ઠ છે સિવાય એના કે એ નબી નથી." *(મિશ્કાત શરીફ)*

## ★ જન્નત વાજિબ થઈ ગઈ ! ★

આમ તો સર્વ સહાબા યકીનન ! જન્નતી જ છે, પણ તે દસ સહાબા જેમને નામ દઈને હુઝૂર ﷺએ જન્નતી હોવાની બશારત આપી જેમને "અશરાએ મુબશ્શરા" કહેવાય છે તેમાં હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ પણ છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, તમારામાંથી આજે કોઈએ મિસ્કીનની હાલતમાં સવાર કરી ? તો અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, મેં. આપ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી આજે કોઈએ જનાઝામાં શિર્કત કરી ? અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી કે, મેં. આપ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી આજે કોઈએ મિસ્કીનને ખાવા ખવડાવ્યું ? અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી કે, મેં. આપ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી આજે કોઈએ બીમારની ખબર લીધી ? અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી કે, મેં. તો રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જે શખ્સમાં આ ગુણો (સિફતો) એકત્ર થઈ ગયા તો જન્નતમાં દાખલ થઈ ગયો. અને હઝરત અનસ رضی اللہ عنہની વર્ણન કરેલ રિવાયતમાં છે કે આપ ﷺએ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને સંબોધીને ફર્માવ્યું કે, "તમારા માટે જન્નત વાજિબ થઈ ગઈ."

કેવળ એટલું જ નહીં બલ્કે નબી કરીમ ﷺએ ત્યાં સુધી ફર્માવ્યું કે જન્નતીઓમાંથી નમાઝ પઢનારાઓને "બાબુસ્સલાત"થી

બોલાવવામાં આવશે. જેહાદીઓને "બાબુલ જેહાદ"થી જન્નતમાં દાખલ થવાની દા'વત આપવામાં આવશે. રોઝાદારોને "બાબુર્રિયાન"થી, સદકાવાળાઓને "બાબુસ્સદકા"થી બોલાવશે અને અબૂબક્ર رضی اللہ عنہ એ ખુશનસીબોમાંથી હશે જેમના માટે જન્નતના બધા જ દરવાજા ખોલી આપવામાં આવશે. *(ઝિયાઉલ વાઈઝીન, ભાગ–૨)*

## ★ મુત્તકીઓના સરદાર કોણ ?! ★

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની તમામ ઉમ્મતીઓમાં અફઝલિયત વિશે આવી ઘણી હદીષો છે. અને કુર્આને પાકમાં પણ આપની પ્રશંસામાં આયતો ઉતરી છે. રબ તઆલા جل جلالہ ઈર્શાદ ફર્માવે છે : **وَ الَّذِیْ جَآءَ بِالصِّدْقِ وَ صَدَّقَ بِهٖۤ اُولٰٓىٕكَ هُمُ الْمُتَّقُوْنَ۔**

**(અર્થ)** : "જે સચ્ચાઈ લાવ્યા એટલે હુઝૂર صلی اللہ علیہ وسلم અને જેમણે તેને સમર્થન કર્યું એટલે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ જ લોકો મુત્તકી છે." *(પારા–૨૪, રુકૂઅ–૧)*

આ આયતની તફસીરમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી આ જ અર્થ રજૂ થયેલો છે. તફસીરે મદારિક, તફસીરે રૂહુલ બયાન વગેરે. જેથી મુફસ્સિરીને કિરામના બયાનથી સાબિત થયું કે આ આયતમાં અલ્લાહ તઆલા جل جلالہએ હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمની સાથે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને પણ મુત્તકી ફર્માવ્યા છે. વિચારો ! અલ્લાહ તઆલા જેને મુત્તકી ફર્માવે તેના મર્તબાનો આલમ શો હશે ! જાણવા મળ્યું કે આપ ઉમ્મતમાં સૌ પ્રથમ મુત્તકી અને કયામત સુધી પેદા થનાર સર્વ મુત્તકીઓના સરદાર અને સૈયદુલ મુત્તકીન છે એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**અસ્દકુસ્સાદિકીન સૈયદુલ મુત્તકીન**
**ચશ્મો ગોશે વઝારતપે લાખોં સલામ**



એક અન્ય આયતમાં છે :–

**وَسَیُجَنَّبُهَا الْاَتْقَى الَّذِیْ یُؤْتِیْ مَالَهٗ یَتَزَكّٰى۔**

**(અર્થ)** : "જહન્નમથી ખૂબ જ દૂર રાખવામાં આવશે તે વ્યક્તિ કે જે સૌથી મહાન પરહેઝગાર છે, કે જે પોતાનો માલ આપે છે ખુદા તઆલાની નજીક સુથરો થવા માટે, ન કે રિયા, દેખાડો અથવા એ સિવાય અન્ય મકસદના માટે ખર્ચ કરે છે."

આ આયત પણ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની ફઝીલતમાં નાઝિલ થઈ છે. હઝરત સદરુલ અફાઝિલ મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં લખે છે કે, "જ્યારે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ હઝરત બિલાલ رضی اللہ عنہને કાફિર ઉમૈયાથી ઊંચી કિંમતે ખરીદીને આઝાદ કરી આપ્યા તો કાફિરોને આશ્ચર્ય થયું અને તેમણે કહ્યું કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ આવું શા માટે કર્યું ?! કદાચ હઝરત બિલાલ رضی اللہ عنہનું એમના પર કોઈ એહસાન હશે. આપે બાર ગુલામ આઝાદ કર્યા જેઓને મુસલમાન થવાને કારણે તેમના માલિકો જુલ્મના શિકાર બનાવતા હતા. આપના પિતા હઝરત અબૂ કહાફા હજી મુસલમાન ત્યારે ન થયા હતા તેમણે સલાહ આપી કે તમે ગુલામ આઝાદ કરો છો એ સારી વાત છે પણ કમજોરોને નહીં મજબૂત ગુલામોને આઝાદ કરો જેથી મુસીબત કે જરૂરતના સમયે તમને કામ આવે. તો આપે જણાવ્યું કે હું મારા અંગત લાભ માટે ગુલામોને આઝાદ નથી કરતો બલ્કે કેવળ અલ્લાહને રાજી કરવા ખાતર જ તે ગુલામોને આઝાદ કરું છું જેમના પર મુસલમાન હોવાને કારણે જુલ્મો સિતમ થઈ રહ્યો છે. (સુબ્હાનલ્લાહ !) આ પ્રસંગે રબ તઆલા جل جلالہએ આ આયતે કરીમા નાઝિલ કરીને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનો અમલ કેવળ અને કેવળ અલ્લાહની રઝામંદી માટે જ છે તે જાહેર કરી આપ્યું. આપને આ આયતમાં "સૌથી મહાન પરહેઝગાર"

કહેવામાં આવ્યા છે. ઉપરાંત ઘણી આયતમાં રબ તઆલાએ આપની ફઝીલત તથા મહાનતાનો ઉલ્લેખ કર્યો છે. એ ઉપરાંત ઘણી હદીષોમાં આપની ફઝીલત આવી છે :–

તિર્મિઝી શરીફની હદીષ છે. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું :

"કોઈ શખ્સના માલે મને એટલો ફાયદો નથી પહોંચાડયો જેટલો ફાયદો અબૂબક્રના માલે પહોંચાડયો છે. *(મિશ્કાત શરીફ, પેજ–૫૫૫)*

બીજી હદીષમાં છે કે હુઝૂર ﷺએ હઝરત અબૂબક્ર رضی اللہ عنہને ફર્માવ્યું, "ગારે ષૌરમાં તમે મારી સાથે રહ્યા અને હૌઝે કૌષર પર પણ તમે મારી સાથે રહેશો."

એક હદીષમાં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલે ખુદા ﷺએ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ વિશે ફર્માવ્યું :–

"તને જહન્નમની આગથી આઝાદ કરી આપ્યો છે. એ દિવસથી મારા વાલિદે મોહતરમનું નામ 'અતીક' પડી ગયું." *(મિશ્કાત શરીફ, પેજ–૫૫૬)*

એક હદીષમાં છે : "અબૂબક્ર ! સાંભળી લો કે મારી ઉમ્મતમાં સૌ પ્રથમ તમે જન્નતમાં પ્રવેશ પામશો."

અને હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે એક ચાંદની રાતે જ્યારે રસૂલે ખુદા ﷺનું સર મુબારક મારી ગોદમાં હતું. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું કોઈ વ્યક્તિની નેકીઓ એટલી પણ છે જેટલા કે આસ્માન પર તારાઓ છે ? ફર્માવ્યું, હા ! ઉમરની નેકીઓ એટલી જ છે. પછી હઝરત આઈશા رضی اللہ عنہاએ પૂછયું, અને અબૂબક્રની નેકીઓનો શો હાલ છે ? હુઝૂરે ફર્માવ્યું, ઉમરની સર્વ નેકીઓ અબૂબક્રની એક નેકીના બરાબર છે. رضی اللہ عنہما *(મિશ્કાત શરીફ, પેજ–૫૬૦)*



## ★ આપનું નામ તથા વંશ ★

આપનું નામ અબ્દુલ્લાહ છે અને અબૂબક્રથી જે આપ મશ્હૂર થયા તે આપની કુન્નિયત (ઉપનામ) છે અને 'સિદ્દીક' તથા 'અતીક' આપનો લકબ છે. આપના વાલિદનું નામ ઉષ્માન તથા કુન્નિયત 'અબૂ કહાફા' છે અને આપનાં વાલિદાનું નામ સલ્મા છે અને કુન્નિયત 'ઉમ્મુલ ખૈર' છે. આપનો વંશવેલો સાતમી પેઢીએ મુર્રા ઈબ્ને કઅબ પર હુઝૂર ﷺની વંશાવળીમાં મળી જાય છે. આપ હાથીવાળા બનાવના લગભગ અઢી વરસ બાદ મક્કા શરીફમાં પેદા થયા.

## ★જાહિલિયત (ઈસ્લામ પૂર્વ)ના યુગમાં આપની સ્થિતિ ★

અલ્લાહ તઆલા જેમને નબી કરીમ ﷺના શ્રેષ્ઠ સાથી બનાવે તેમની ખૂબીઓનો આલમ શો હોય ! બચપનથી જ જાહિલિયતના યુગમાં પણ આપ શિર્કથી દૂર રહ્યા, મૂર્તિપૂજા કદી નથી કરી, તે ઉપરાંત પોતાની બિરાદરીમાં આપ સૌથી અધિક ધનિક હતા અને સેવાભાવના તથા એહસાનના નમૂના હતા. પોતાની કૌમના ખૂબ જ ઈજ્જતવાન વ્યક્તિ હતા. ખોવાયેલાની તલાશ તથા મહેમાનોની સેવાચાકરી ખૂબ કરતા. આપની ગણના કુરૈશના રઈસ લોકોમાં થતી હતી, તે લોકો આપનો મશ્વરો લીધા કરતા હતા અને આપની સાથે ખૂબ જ મહોબ્બત કરતા હતા. આપ કુરૈશના તે ૧૧ માણસોમાંથી છે જેમને જાહિલિયતના યુગમાં પણ અને ઈસ્લામના યુગમાં પણ બંનેમાં ઈજ્જત તથા બુઝુર્ગી હાંસલ રહી. આપ જાહિલિયતના યુગમાં પણ કેસોના ફેંસલા કર્યા કરતા હતા જે એ યુગમાં ઘણી ઈજ્જતનું સ્થાન સમજવામાં આવતું હતું.

આપે જાહિલિયતના યુગમાં પણ શરાબ નથી પીધી. એકવાર

સહાબાએ કિરામના મજમામાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને પૂછવામાં આવ્યું કે તમે જાહિલિયતના યુગમાં શરાબ પીધી છે ? આપે ફર્માવ્યું, અલ્લાહની પનાહ ! મેં કદી શરાબ નથી પીધી. લોકોએ પૂછયું, શા માટે ? ફર્માવ્યું, હું મારી ઈજ્જત આબરૂને બચાવતો હતો અને મુરવ્વતની હિફાઝત કરતો હતો. એટલા માટે કે જે વ્યક્તિ શરાબ પીએ છે તેની ઈજ્જત તથા પ્રતિષ્ઠા અને મુરવ્વત જતી રહે છે. જ્યારે આ વાતની ખબર હુઝૂરે અકરમ ﷺને પહોંચી તો આપે બે વાર ફર્માવ્યું, "અબૂબક્રએ સાચુ કહ્યું ! અબૂબક્રએ સાચુ કહ્યું ! رضی اللہ عنہ *(તારીખે ખુલફા)*

## ★ આપનો ઈસ્લામ સ્વીકાર ★

ઈમામ શઅબી ફર્માવે છે કે મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماને પૂછયું કે સૌ પ્રથમ ઈસ્લામ સ્વીકારનાર કોણ છે ? ફર્માવ્યું, હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ. અને સાબિતીમાં હઝરત હસ્સાન رضی اللہ عنہના શેઅરો પઢયા જે હઝરત અબૂબક્ર رضی اللہ عنہની પ્રશંસામાં છે અને જેમાં સૌ પ્રથમ આપના ઈસ્લામ સ્વીકારવા વિશે ઉલ્લેખ છે.

ઈમામ બયહકી ફર્માવે છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہના ઈસ્લામ સ્વીકારમાં પ્રથમ હોવાનો સબબ એ છે કે આપ નબુવ્વત તથા રિસાલતની નિશાનીઓ ઈસ્લામ પહેલાં જ માલૂમ કરી ચૂક્યા હતા એટલા માટે એમને જ્યારે ઈસ્લામની દા'વત આપવામાં આવી તો તુરત જ તેમણે ઈસ્લામ સ્વીકારી લીધો. ખૂદ હુઝૂર ﷺએ ફર્માવ્યું : "મેં જે કોઈની પણ સમક્ષ ઈસ્લામ પેશ કર્યો તેણે કાંઈક ઢીલ જરૂર કરી, પણ અબૂબક્રે વિના સંકોચે ઈસ્લામની દા'વત પર લબ્બૈક કહી. " *(બુખારી)*

આપણા ઈમામ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ



જણાવ્યું કે પુરૂષોમાં સૌ પ્રથમ ઈસ્લામ સ્વીકારનાર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે, સ્ત્રીઓમાં સૌ પ્રથમ હઝરત ખદીજા رضی اللہ عنہا અને બાળકોમાં સૌ પ્રથમ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ઈમાન લાવ્યા છે.

## ★ આપના કામિલ ઈમાનવાળા હોવાનો કમાલ ! ★

આપનું ઈમાન સર્વ સહાબીઓમાં સૌથી કામિલ હતું જેની સાબિતી ઘણા બધા પ્રસંગોથી મળે છે. હુદૈબિયહ્માં જે શરતો પર મક્કાના કાફિરો સાથે સુલહ થઈ એમાં એક શરત એ પણ હતી કે, "મક્કાના મુસલમાન કે કાફિરોમાં જો કોઈ વ્યક્તિ મદીના ચાલ્યો જાય તો તેને પરત કરી દેવામાં આવશે, પરંતુ જો કોઈ મુસલમાન મદીનાથી મક્કા ચાલ્યો આવે તો તેને પરત કરવામાં નહીં આવે." હજી સુલેહનામા પર બંને પક્ષોની સહીઓ ન થઈ હતી એવામાં અબૂ જંદલ رضی اللہ عنہ જે મુસલમાન થઈ ચૂક્યા હતા તે મક્કા મોઅઝ્ઝમાથી અથડાતા પછડાતા પોતાની બેડીઓ ઘસેડતા હુદૈબિયા સ્થળે મુસલમાનોમાં આવી ગયા. સુહૈલ ઈબ્ને અમ્ર જે અબૂ જંદલ رضی اللہ عنہનો બાપ હતો અને મક્કાના કાફિરો તરફથી સુલેહની ચર્ચા કરવા માટે હુદૈબિયા આવ્યો હતો. જ્યારે તેણે પોતાના પુત્રને જોયો તો કહ્યું કે અબૂ જંદલને તમો મારા તરફ પરત કરી આપો. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હજી તો સુલહનામા પર બંને પક્ષની સહીઓ નથી થઈ જેથી આ ક઼રાર તમારી તથા અમારી સહીઓ થયા બાદ જ લાગુ પડશે. તેણે કહ્યું કે, તો જાવ ત્યારે અમે તમારાથી સુલેહ કરીશું નહીં. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, હે સુહૈલ ! અબૂ જંદલને મારી પાસે રહેવાની તમે પોતાના તરફથી ઈજાઝત આપી દો. તેણે કહ્યું, હું હરગિઝ એ વાતની ઈજાઝત નથી આપી શકતો.

જ્યારે હઝરત અબૂ જંદલ رضی اللہ عنہએ જોયું કે હવે મને ફરી મક્કા

પરત કરી દેવામાં આવશે તો તેમણે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ને ફરિયાદ કરી અને કહ્યું, હે મુસલમાનો ! જુઓ મને કાફિરો તરફ પરત કરવામાં આવી રહ્યો છે જ્યારે કે હું મુસલમાન થઈ ચૂક્યો છું અને તમારી પાસે આવી ચૂક્યો છું. અને અબૂ જંદલના શરીર પર કાફિરોની મારનાં જે નિશાનો હતાં તેને આપ મુસલમાનોને દેખાડી દેખાડીને રડવા લાગ્યા. જેથી મુસલમાનોને ખૂબ જોશ પેદા થઈ ગયો ત્યાં સુધી કે હઝરત ઉમર رضی اللہ عنہ દાનાએ ગુયૂબ હુઝૂર صلی اللہ علیہ وسلم ની બારગાહમાં પહોંચી ગયા અને અર્ઝ કરી, શું તમે અલ્લાહના સાચા રસૂલ નથી ? ફર્માવ્યું, કેમ નહીં ! એટલે કે હા ! હું અલ્લાહનો સાચો રસૂલ છું. પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ કરી, શું આપણે હક્ક઼ પર અને કાફિરો બાતિલ પર નથી ? હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, કેમ નહીં ! એટલે કે બેશક ! આપણે હક્ક઼ પર છીએ અને કાફિરો બાતિલ પર. હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું કે, તો પછી દીનના મામલામાં આપણે દબાઈને શા માટે સુલહ કરીએ ? હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હે ઉમર ! બેશક ! હું અલ્લાહનો રસૂલ છું, હું તેની નાફર્માની કદી નથી કરી શક્તો અને મારો મદદગાર તે જ છે. પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું કે, આપ એ ન ફર્માવ્યા કરતા હતા કે આપણે બૈતુલ્લાહ શરીફનો તવાફ કરીશું ? હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ઠીક છે પણ મેં એવું ક્યારે કહ્યું હતું કે આ જ વરસે તવાફ કરીશું ? હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું કે, હા ! એ સહીહ છે કે આપે આ જ વરસના માટે કહ્યું ન હતું.

પછી હઝરત ઉમર رضی اللہ عنہ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની પાસે ગયા અને તેમને પણ આ જ પ્રમાણે વાત કરી. તો હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ એ ફર્માવ્યું, તેમની રસ્સી થામી રાખો અને તેમના દામનથી જોડાયેલા રહો, બેશક ! તે અલ્લાહના રસૂલ છે અને



અલ્લાહ તેમનો મદદગાર છે. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના આ જવાબે હઝરત ઉમર رضی اللہ عنہ ના જોશને ઠંડો કરી નાખ્યો.

હુદૈબિયામાં હુઝૂર صلی اللہ علیہ وسلم એ જે રીતે સુલહ ફર્માવી એનાથી મુસલમાનોની નાપસંદી તથા રંજોગમનો એ આલમ હતો કે ક઼રાર પૂર્ણ થયા બાદ ત્રણવાર હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, "ઉઠો કુર્બાની કરો અને માથા મૂંડાવીને એહરામ ખોલી નાખો !" પણ કોઈ ઉઠવા તૈયાર ન થતું હતું, ત્યાં સુધી કે હઝરત ઉમર رضی اللہ عنہ એ જોશમાં આવીને હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ની બારગાહમાં એવી વાતચીત કરી (ઉપર મુજબ) જેના પર તે જીવનભર અફસોસ કરતા રહ્યા અને માફીના માટે ઘણી બધી નેકીઓ કરતા રહ્યા. પણ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ હઝરત ઉમર رضی اللہ عنہ ને જે જવાબ આપ્યો તે ઈમાન અફરોઝ જવાબ બતાવી રહ્યો છે કે હઝરત અબૂબક્ર પોતાના સ્થાને એકદમ મુત્મઈન (સંતુષ્ઠ) હતા કે હુઝૂર અલ્લાહના રસૂલ છે, તે જ કાંઈ કરી રહ્યા છે એ હક્ક઼ છે, હર હાલતમાં અલ્લાહ એમની મદદ ફર્માવશે.

આ પ્રસંગ દર્શાવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ની રિસાલત તથા નબુવ્વત પર હઝરત અબૂબક્ર رضی اللہ عنہ નું ઈમાન સૌથી કામિલ તથા પરિપૂર્ણ હતું કે હુઝૂર صلی اللہ علیہ وسلم જે હુકમ આપે અને જે કરે તેમાં ચૂં કે ચા જરાય નહીં ! ભલે જાહેરમાં કાંઈ જુદુ લાગે પણ એ જ હક્ક઼ છે.

બીજો પ્રસંગ છે કે શબે મેઅરાજની સવારે ઘણા મુશ્રિકો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ની પાસે આવ્યા અને કહ્યું કે તમને કાંઈ ખબર છે ?! આપના દોસ્ત મુહમ્મદ صلی اللہ علیہ وسلم કહી રહ્યા છે કે તેમને રાતમાં બૈતુલ મુક઼દ્દસ તથા આસ્માન વગેરેની સૈર કરાવવામાં આવી. આપે કહ્યું કે શું ખરેખર તે આવું કહી રહ્યા છે ? તે લોકોએ કહ્યું કે, હા ! તે એવું જ કહી રહ્યા છે. તો આપે ફર્માવ્યું, જો તે આનાથી પણ વધુ સમજ બહારની અને આશ્ચર્યજનક ખબર

આપશે, તો બેશક ! હું એનું પણ સમર્થન કરીશ.

અને ગઝવએ બદરમાં આપના સાહબઝાદા હઝરત અબ્દુર્રહમાન મક્કાના કાફિરોની સાથે હતા. ઈસ્લામ કૂબૂલ કર્યા પછી તેમણે પોતાના પિતા હઝરત અબૂબક્ર رضی اللہ عنہને કહ્યું કે આપ જંગે બદરમાં કેટલીયેવાર મારી તલ્વારના લાગમાં આવી ગયા પણ મેં આપને પિતા હોવાને નાતે જવા દીધા અને તમને કત્લ ન કર્યા. એના જવાબમાં હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ફર્માવ્યું, હે અબ્દુર્રહમાન ! કાન ખોલીને સાંભળી લે ! કે જો તું મારા લાગમાં આવી જાત તો હું તને જવા ન દેત બલ્કે કત્લ કરીને મૌતને ઘાટ ઉતારી આપત. (એ તારું કુફ્ર હતું જેણે તને કત્લ કરતાં રોક્યો, મારું ઈમાન મને બેટાની લાગણીમાં રાખી ન રોકત !)

આ પ્રસંગો પરથી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہનું ઈમાન અતિશય કક્ષાના કમાલે પહોંચેલ હતું એ પુરવાર થાય છે. એટલે સુધી કે ઈમામ બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہનો કૌલ નકલ કર્યો છે કે પૂરી જમીનના મુસલમાનોનું ઈમાન અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના ઈમાનનું જો વજન કરવામાં આવે તો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના ઈમાનનું પલ્લુ ભારે થઈ જશે. *(તારીખુલ ખુલફા, પેજ–૪૦)*

હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمના વિસાલ બાદ સહાબાએ કિરામ અને અહલે બૈતના વડીલોને કેટલો મોટો આઘાત પહોંચ્યો ? અને મદીનાવાસીઓની શું હાલત થઈ ? એનું ચિત્રણ કરવા માટે હજારો પાનાંઓ પણ ઓછાં પડે. એ નબુવ્વતની શમ્અના પરવાના જેમને અમુક દિવસો સુધી જમાલે નબુવ્વતના દર્શન ન થતા તો તેમનાં હૃદય બેચેન અને એમની આંખો અશ્રુભીની થઈ જતી હતી, જાહેર છે કે એ આશિકાને રસૂલ પર જાને આલમ صلی اللہ علیہ وسلم સાથેની કાયમી જુદાઈના પ્રસંગથી કેટલો આત્મઘાતક અને કેટલો દુઃખદાયક



આઘાત પહોંચ્યો હશે ? જલીલુલ કદ્ર સહાબાએ કિરામ નિઃશંકપણે સ્તબ્ધ અને અવાક બની ગયા હતા. તેઓ શૂન્યમનસ્ક થઈ ગયા હતા, અવાજો બંધ થઈ ગઈ હતી. તેઓ એટલા બધા શાન ભાન ભૂલી ગયા હતા કે શું કહે ? અને શું કરે ? હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ પર એવી સ્તબ્ધતા છવાઈ ગઈ હતી કે તેઓ આમ તેમ દોડાદોડી કરતા હતા. પરંતુ કોઈને કાંઈ કહેતા ન હતા ન કોઈનાથી કાંઈ સાંભળતા હતા હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ગમ અને દુઃખદર્દમાં અશક્ત થઈ બેસી રહ્યા કે તેમનામાં ઉઠવા બેસવા અને ચાલવા ફરવાની શક્તિ પણ રહી ન હતી. હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસ رضی اللہ عنہના હૃદય પર એવો વજ્રઘાત પડયો કે તેઓ એ આઘાતને જીરવી શક્યા નહીં અને હૃદય ધબકતું બંધ થઈ ગયું.

હઝરત ઉમર رضی اللہ عنہ એવા તો શાન ભાન ભૂલી ગયા કે તેમણે તલવાર ખેંચી અને ઉઘાડી તલવાર લઈ મદીનાની શેરીઓમાં આમ તેમ જતા આવતા હતા અને એમ કહેતા રહેતા કે જો કોઈએ કહ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું મૃત્યુ થઈ ગયું છે તો હું આ જ તલવાર વડે એની ગરદન ઉડાવી દઈશ ! હઝરત આઈશા رضی اللہ عنہاનું બયાન છે કે મૃત્યુ બાદ હઝરત ઉમર અને મુગીરા બિન શુઅ્બા સંમતિ લઈને મકાનમાં દાખલ થયા. હઝરત ઉમર رضی اللہ عنہએ હુઝૂર صلی اللہ علیہ وسلمને જોઈને કહ્યું કે ઘણી જ સખત બેભાની છવાઈ ગઈ છે. જ્યારે ત્યાંથી જવા લાગ્યા તો હઝરત મુગીરા رضی اللہ عنہ એ કહ્યું કે, હે ઉમર ! તમને કાંઈ ખબર પણ છે ? હુઝૂર صلی اللہ علیہ وسلمનો ઈન્તેકાલ થઈ ગયો છે. આ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ નિરંકુશ થઈ ગયા અને તડપીને બોલ્યા કે, હે મુગીરા ! તમે જૂઠા છો ! હુઝૂર صلی اللہ علیہ وسلمનો એ સમય સુધી ઈન્તેકાલ થઈ શક્તો નથી જ્યાં સુધી દુનિયામાંથી એકે એક મુનાફિકનો ખાત્મો ન થઈ જાય !

મવાહિબે લદુન્નિયામાં તિબરીથી નકલ થયેલ છે કે હુઝૂર

صلی اللہ علیہ وسلمના ઈન્તેકાલના સમયે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ "સુખ" મુકામે હતા જે મસ્જિદે નબવીથી એક માઈલના અંતરે આવેલ છે. એમના પત્ની હઝરત હબીબા બિન્તે ખારજા رضی اللہ عنہا ત્યાં જ રહેતાં હતાં. જ્યારે સોમવારની સવારે બીમારીમાં કમી થઈ અને કાંઈક રાહત જણાઈ તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ સ્વયં હઝરત અબૂબક્ર رضی اللہ عنہને પરવાનગી આપી દીધી કે તમે "સુખ"માં ચાલ્યા જાવ અને પત્ની તથા બાળકોને મળીને આવો.

બુખારી શરીફ વિગેરેમાં છે કે, હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તેમના ઘોડા પર સવાર થઈ "સુખ"માંથી પાછા આવ્યા અને કોઈને કાંઈ વાત ન કહી અને ન જ સાંભળી. સીધા હઝરત આઈશા رضی اللہ عنہાના હુજરામાં ચાલ્યા ગયા અને હુઝૂર صلی اللہ علیہ وسلم ના મુબારક ચહેરા પરથી ચાદર હટાવી આપ પર નમ્યા અને આપની બંને આખો વચ્ચે અત્યંત ઉમળકાથી એક ચુંબન કર્યું અને કહ્યું કે આપ પોતાના જીવન અને મરણ બંને સ્થિતિઓમાં પવિત્ર રહ્યા, મારા માં બાપ આપ પર વારી જાય ! હરગિઝ ખુદાવંદ તઆલા આપ પર બે મૌતને ભેગી નહીં કરે. આપનું જે મૃત્યુ લખેલું હતું આપ એ મૃત્યુ સાથે મરણ પામ્યા. ત્યારબાદ હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ મસ્જિદમાં તશરીફ લાવ્યા ત્યારે એ સમયે હઝરત ઉમર رضی اللہ عنہ લોકો સામે સંબોધન કરી રહ્યા હતા. આપે ફર્માવ્યું કે, હે ઉમર ! બેસી જાવ ! હઝરત ઉમર رضی اللہ عنہ એ બેસવાનો ઈન્કાર કરી દીધો. ત્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ તેમને તેમના હાલ પર છોડી દીધા અને પોતે લોકોને ધ્યાનાકર્ષિત કરવા માટે સંબોધન કરવાનું શરૂ કરી દીધું કે :–

અમ્મા બા'દ, જે શખ્સ તમારામાંથી મુહમ્મદ صلی اللہ علیہ وسلمની ઈબાદત કરતો હતો (તે જાણી લે કે) મુહમ્મદ صلی اللہ علیہ وسلمનો ઈન્તેકાલ થઈ ગયો છે અને જે શખ્સ તમારામાંથી ખુદાની ઈબાદત કરતો હતો તો



ખુદા જીવતો છે તે ક્યારેય નહીં મરે. પછી ત્યારબાદ હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہએ સૂરએ આલે ઈમરાનની આ આયત તિલાવત ફર્માવી :–

**وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ط اَفَاِنْ مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰٓى اَعْقَابِكُمْ ط وَمَنْ يَّنْقَلِبْ عَلٰى عَقِبَيْهِ فَلَنْ يَّضُرَّ اللّٰهَ شَيْئًا ط وَسَيَجْزِى اللّٰهُ الشّٰكِرِيْنَ۔**

"અને મુહમ્મદ صلی اللہ علیہ وسلم તો એક રસૂલ છે એમના પહેલાં ઘણા રસૂલ થઈ ચૂક્યા, તો શું જો તેઓ મૃત્યુ પામે કે શહીદ થઈ જાય તો તમે પાછા પગે ફરી જશો ? અને જે પાછા પગે ફરશે, અલ્લાહનું કાંઈ નુકસાન નહીં કરે અને નજીકના સમયમાં જ અલ્લાહ આભાર વ્યક્ત કરનારાઓને સવાબ આપશે." *(સૂરએ આલે ઈમરાન)*

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ કહે છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ આ આયત તિલાવત કરી ત્યારે એવું લાગતું હતું કે જાણે કોઈ આ આયતને જાણતું ન હતું. તેમનાથી સાંભળીને દરેક શખ્સ એ જ આયત પઢવા લાગ્યો. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૬૬, મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૩૩)*

હઝરત ઉમર رضی اللہ عنہનું બયાન છે કે મેં જ્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના મુખેથી સૂરએ આલે ઈમરાનની આ આયત સાંભળી ત્યારે મને સમજાઈ ગયું કે ખરેખર નબી صلی اللہ علیہ وسلمનો ઈન્તેકાલ થઈ ગયો છે. પછી હઝરત ઉમર رضی اللہ عنہ વ્યાકૂળ થઈ ઉઘાડી તલવાર લઈ જે એલાન કરતા ફરતા હતા કે હુઝૂર صلی اللہ علیہ وسلمનું મરણ થયું નથી તેમણે એનાથી રુજૂઅ કર્યું. (એટલે એ વાતથી પાછા પલટયા) અને એમના દીકરા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ કહે છે કે જાણે કે અમારા પર એક પડદો પડેલો હતો ! એ આયત તરફ અમારું ધ્યાન જ ગયું નહીં. હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ ના

ખુત્બાએ એ પડદાને ઉઠાવી લીધો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૩૪)*

## ★ સિદ્દીકે અકબર رضی اللہ عنہની બહાદુરી ★

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ સર્વ સહાબીઓમાં સૌથી વિશેષ હિંમતવાન તથા બહાદુર હતા. અલ્લામા બઝ્ઝાર رحمۃ اللہ علیہ પોતાની મુસ્નદમાં લખે છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ લોકોને પૂછયું કે બતાવો સૌથી અધિક બહાદુર કોણ છે ? તો લોકોએ કહ્યું કે સૌથી અધિક બહાદુર તમો છો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે હું તો હમેશાં મારા બળ વડે લડુ છું પછી હું કઈ રીતે સૌથી બહાદુર થયો ? તમે લોકો એ બતાવો કે સૌથી અધિક બહાદુર કોણ ? તો લોકોએ કહ્યું કે હઝરત ! અમને ખબર નથી, તમે જ બતાવો ! આપે ફર્માવ્યું કે સૌથી અધિક હિંમતવાન તથા બહાદુર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ છે. સાંભળો ! જંગે બદરમાં અમે લોકોએ હુઝૂર صلی اللہ علیہ وسلم માટે એક ઝુપડી બનાવી હતી જેથી ધૂળ કચરો તથા સૂર્ય તાપથી હુઝૂર صلی اللہ علیہ وسلم મેહફૂઝ રહે. તો અમે લોકોએ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم સાથે કોણ રહેશે ?! ક્યાંક એવું ન બને કે કોઈ એમના પર હુમ્લો ન કરી આપે. તો ખુદાની કસમ ! આ કામ માટે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ સિવાય કોઈ આગળ ન વધ્યું. આપ ઉઘાડી તલ્વાર હાથમાં લઈને હુઝૂર صلی اللہ علیہ وسلمની પાસે ઉભા થઈ ગયા પછી કોઈ દુશ્મનની આપની પાસે આવવાની હિંમત ન થઈ શકી, અને જો કોઈએ હિંમત કરી પણ તો આપ તેના પર તૂટી પડયા. એટલા માટે હઝરત સિદ્દીકે અકબર સૌથી વિશેષ બહાદુર હતા. *(તારીખુલ ખુલફા, પેજ–૨૫)*

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે એકવારનો બનાવ છે કે કાફિરોએ રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمને પકડી લીધા અને કહેવા લાગ્યા કે



તમે જ છો કે જે કહો છો કે ખુદા એક છે ! હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું, તો ખુદાની કસમ ! એ મોકા પર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના સિવાય કોઈ હુઝૂર صلی اللہ علیہ وسلمની નજીક નથી ગયું. આપ આગળ વધ્યા અને કાફિરોને માર્યા અને તેમને ધક્કા મારી મારીને હટાવ્યા, અને કહ્યું કે તમારા પર અફસોસ છે કે તમે લોકો એ જાતને તકલીફ પહોંચાડી રહ્યા છો જે એવું કહે છે કે મારો પરવરદિગાર કેવળ અલ્લાહ છે. અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે લોકો પોતાના ઈમાનને છુપાવતા હતા પણ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પોતાના ઈમાનને અલલ એલાન જાહેર કરતા હતા. એટલા માટે આપ સૌથી વિશેષ બહાદુર હતા. *(હવાલો : ઉપર મુજબ)*

અને અલ્લામા હૈષમ પોતાની મુસ્નદમાં લખે છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ખૂદ ફર્માવે છે કે, ''જંગે ઓહદના દિવસે સર્વ લોકો હુઝૂર صلی اللہ علیہ وسلمને એકલા છોડીને આમ તેમ થઈ ગયા, તો સૌ પ્રથમ મેં હુઝૂર صلی اللہ علیہ وسلم પાસે પહોંચીને તેમની હિફાઝત કરી.''

## ★ સિદ્દીકે અકબર رضی اللہ عنہની નમાઝ ★

અમીરુલ મો'મિનીન યારે ગારે રસૂલે ખુદા સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની ઈબાદતનો એ હાલ હતો કે આપ મોટા ભાગના દિવસોમાં રોઝા રાખતા અને આખી રાત નવાફિલમાં વિતાવતા હતા. નમાઝમાં ખુશૂઅ અને ખુઝૂઅનો એ હાલ હતો કે નમાઝની હાલતમાં રડતા રડતા તેમને હિચકી થવા લાગતી હતી, ત્યાં સુધી કે ક્યારેક નમાઝમાં એવી રીતે રડતા હતા કે કાફિરોના બાળકો અને સ્ત્રીઓ પર પણ એની અસર પડતી હતી.

હઝરત અબૂબક્ર رضی اللہ عنہ જ્યારે નમાઝનો સમય થતો તો કહેતા, ઉઠો ! અને જે આગ તમે સળગાવી છે તેને (નમાઝ પઢીને) ઓલવો.

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ખૂબ રફીકુલ્ કલ્બ (નમ્ર હૃદયી) હતા. જ્યારે હુઝૂર ﷺ બીમાર હતા ત્યારે રહમતે દો આલમ ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہાને કહ્યું, અબૂબક્રને હુકમ આપો કે તે નમાઝ પઢાવે. હઝરત આઈશા رضی اللہ عنہાએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ ઉમરે ફારૂક رضی اللہ عنہને કહો, અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ રફીકુલ્ કલ્બ છે, નમાઝમાં ગિરયા વ ઝારીના કારણે નમાઝમાં કિરાઅત નહીં કરી શકે. ત્રણ વખત હુઝૂર ﷺએ સિદ્દીકે અકબરને માટે કહ્યું, દરેક વખતે હઝરત આઈશા رضی اللہ عنہا ઉમર ફારૂકે આ'ઝમનો મશ્વરો આપતાં રહ્યાં. અંતમાં હુઝૂર ﷺએ કહ્યું, હઝરત અબૂબક્ર رضی اللہ عنہને નમાઝ પઢાવવાનો હુકમ આપો.

## ★ સિદ્દીકે અકબર رضی اللہ عنہની સખાવત ★

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ અલ્લાહ عزوجلના માર્ગમાં ખર્ચ કરવામાં પણ સર્વ સહાબાઓથી અગ્રેસર હતા. તિર્મિઝી તથા અબૂ દાઊદમાં છે : હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલે ખુદા ﷺએ એક દિવસ અમને લોકોને અલ્લાહની રાહમાં સદકો ખૈરાત કરવાનો હુકમ આપ્યો અને યોગાનુયોગ તે સમયે મારી પાસે ઘણો માલ હતો. મેં મારા દિલમાં વિચાર્યું કે જો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہથી આગળ વધી જવાનો મારા માટે કોઈ દિવસ શક્ય હોય તો તે આજનો દિવસ છે ! હું ઘણો જ માલ ખર્ચ કરીને આજે તેમનાથી આગળ નીકળી જઈશ. હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે જેથી હું અડધો માલ લઈને ખિદમતમાં હાજર થયો. તો રસૂલુલ્લાહ ﷺએ મને પૂછયું, "તમારાં ઘરવાળાંઓ માટે તમે કેટલું છોડયું ? મેં અર્ઝ કરી, અડધો માલ મારા ઘરવાળાંઓ માટે મેં છોડયો છે. પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ જે કાંઈ તેમની પાસે હતું તે સઘળુ લઈને આવ્યા. રસૂલે ખુદા ﷺએ પૂછયું, તમારાં ઘરવાળાંઓ માટે શું છોડયું ?! હઝરત અબૂબક્ર સિદ્દીક



رضی اللہ عنہએ અર્ઝ કરી કે તેમના માટે હું અલ્લાહ અને તેના રસૂલને છોડીને આવ્યો છું. મતલબ એ કે મારા તથા મારાં બીવી બચ્ચાં માટે અલ્લાહ વ રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ) પૂરતા છે.

**પરવાને કો ચિરાગ હૈ બુલબુલ કો ફૂલ બસ**
**સિદ્દીક કે લિયે હૈ ખુદા કા રસૂલ બસ**

હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે, મેં મારા દિલમાં કહ્યું કે કોઈ ચીજમાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہ પર હું અગ્રતા કદી નહીં પામી શકીશ. *(મિશ્કાત શરીફ, પેજ–૫૫૬)*

હઝરત સદરુલ અફાઝિલ મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ રાહે ખુદામાં ચાલીસ હજાર દીનાર ખર્ચ કર્યા. દસ હજાર રાતમાં, દસ હજાર દિવસમાં, દસ હજાર છુપાવીને, દસ હજાર જાહેરમાં. તો અલ્લાહ તઆલાએ તેમના હક્કમાં આ આયતે કરીમા નાઝિલ ફર્માવી :–

**اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ بِالَّيْلِ وَالنَّهَارِ سِرًّا وَّعَلَانِيَةً فَلَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ۔**

"જે લોકો પોતાનો માલ ખૈરાત કરે છે રાતમાં અને દિવસમાં, છુપાવીને તથા જાહેરમાં. તો તેમના માટે તેમના રબની પાસે તેનો બદલો છે. અને ન તેમને કોઈ ખૌફ હશે અને ન તે લોકો ગમગીન થશે. *(પારા–૩, રુકૂઅ–૬)*

મદીના મુનવ્વરામાં મસ્જિદે નબવી માટેની જમીનની કિંમત પણ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ અદા કરી. આપે બે વાર પોતાની સઘળી દૌલત હુઝૂર ﷺના કદમોમાં રાખી દીધી, હિજરત વખતે અને જંગના મોકા પર.

તિર્મિઝી શરીફમાં છે : રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું કે જે કોઈએ પણ મારી સાથે એહસાન કર્યું હતું મેં દરેકનું એહસાન ઉતારી

આપ્યું સિવાય અબૂબક્રના એહસાનના, કે તેમણે મારી સાથે એવું એહસાન કર્યું છે જેનો બદલો ક઼િયામતના દિવસે તેમને ખુદા તઆલા જ અતા કરશે. અને હરગિઝ કોઈના માલે મને એટલો ફાયદો નથી પહોંચાડયો જેટલો ફાયદો અબૂબક્રના માલે પહોંચાડયો છે. *(મિશ્કાત શરીફ, પેજ–૫૫૫)*

## ★ સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہની હુઝૂર ﷺથી મહોબ્બત ★

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ હુઝૂરે અકરમ ﷺને ખૂબ જ ચાહતા હતા અને આપનાથી અતિશય મહોબ્બત કરતા હતા. પ્રારંભકાળમાં જે માણસ મુસલમાન થતો હતો તે શક્ય ત્યાં સુધી પોતાના ઈસ્લામને છુપાવતો હતો અને હુઝૂરે અક઼દસ ﷺ પણ છુપાવવાની સૂચના આપતા હતા જેથી કાફિરો તરફથી તકલીફ ન પહોંચે. જ્યારે મુસલમાનોની સંખ્યા લગભગ ૪૦ થઈ તો હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہએ હુઝૂર ﷺને દરખાસ્ત કરી કે હવે ઈસ્લામની તબ્લીગ ખુલ્લમ ખુલ્લા અને જાહેરમાં કરવામાં આવે. પહેલાં તો હુઝૂર ﷺએ ના પાડી પરંતુ જ્યારે સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہનો આગ્રહ ખૂબ વધી ગયો તો આપે ક઼બૂલ કરી લીધું અને સર્વ લોકોને સાથે લઈને મસ્જિદે હરામમાં તશરીફ લઈ ગયા. હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ એ ખુત્બો શરૂ કર્યો અને આ સૌ પ્રથમ ખુત્બો છે જે ઈસ્લામમાં પઢવામાં આવ્યો. હુઝૂર ﷺના કાકા હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہ એ જ દિવસે ઈમાન લાવ્યા. ખુત્બો શરૂ થતાં જ ચારેવ તરફથી મુશ્રિકો મુસલમાનો પર તૂટી પડયા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની પ્રતિષ્ઠા તથા શરાફત મક્કા મોઅઝ્ઝમામાં ખૂબ જ હતી તેમ છતાં આપને એટલા પ્રમાણમાં માર્યા કે પૂરો ચહેરો તથા નાક, કાન પણ લોહીથી લથપથ થઈ ગયાં અને આપની એટલી બધી પિટાઈ કરી કે આપ



બેહોશ થઈ ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના ક઼બીલા બનૂ તમીમના લોકોને ખબર થઈ તો તેઓ આપને ત્યાંથી ઉઠાવીને લાવ્યા અને કોઈને પણ આશા ન હતી કે મુશ્રિકોના આ માર પછી આપ જીવતા રહેશો. આપના ક઼બીલાના લોકો કા'બાની મસ્જિદમાં આવ્યા અને એલાન કર્યું કે જો હઝરત અબૂબક્ર (رضی اللہ عنہ)આ બનાવમાં ઈન્તેકાલ કરી ગયા તો અમે એના બદલામાં ઉત્બા બિન રબીઆને ક઼ત્લ કરીશું કેમ કે તેણે હઝરત અબૂબક્ર (رضی اللہ عنہ)ને મારવામાં આગળ પડતો ભાગ ભજવ્યો છે.

સાંજ સુધી આપ બેહોશ રહ્યા અને જ્યારે હોશમાં આવ્યા તો સૌ પ્રથમ શબ્દ એ હતો કે હુઝૂર ﷺની શું સ્થિતિ છે ? લોકો આપને ખૂબ બોલ્યા કે તેમની સાથે રહેવાના કારણે જ તો આ મુસીબત આવી છે ! અને દિવસભર બેહોશ રહ્યા છતાં સૌ પ્રથમ નામ આપનું જ લીધું ! અને કેમ ન લે ?! કેમ કે આપના લોહીના એક એક ટીપામાં સરકારે અક઼દસ ﷺની મહોબ્બત મોજાં મારતી હતી. આપનાં વાલિદા ખાણુ લાવ્યાં અને ખાવા માટે ખૂબ જ આગ્રહ કર્યો પણ આશિકે઼ સાદિક઼ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہનો એક જ પ્રશ્ન હતો કે મુહમ્મદ ﷺનો શું હાલ છે અને તેમના પર શું વિતી ? આપનાં વાલિદાએ કહ્યું કે મને જાણ નથી. તો આપે કહ્યું કે હઝરત ઉમરનાં બહેન ઉમ્મે જમીલ رضی اللہ عنہاની પાસે જઈને પૂછો કે હુઝૂરની શું પોઝિશન છે ? આપનાં વાલિદા ઉમ્મે જમીલ પાસે ગયાં અને હુઝૂર ﷺની હાલત વિશે પૂછયું પણ તેણી પણ એ સમય સુધી ઈસ્લામ છુપાવતાં હતાં જેથી તેમણે જવાબ ટાળી દીધો અને કહ્યું કે તમે કહો તો હું આવીને તમારા પુત્ર હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ખબર લેવા આવું. તેમણે કહ્યું કે હા, ચાલો. હઝરત ઉમ્મે જમીલ رضی اللہ عنہا હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ પાસે પહોંચ્યાં અને તેમની હાલત જોઈને સહન ન કરી શક્યાં અને એકદમ રડવા

લાગ્યાં. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ પૂછયું કે હુઝૂર ﷺની શું હાલત છે ?! હઝરત ઉમ્મે જમીલે આપની વાલિદા પ્રતિ ઈશારો કરતાં કહ્યું કે તે સાંભળી રહ્યાં છે, તો આપે કહ્યું કે તેમનાથી ન ડરો. તો ઉમ્મે જમીલે કહ્યું કે, હુઝૂર ﷺ સહી સલામત છે. તેમણે પૂછયું કે અત્યારે ક્યાં છે ? કહ્યું, હઝરત અરકમના ઘરે છે. ફર્માવ્યું, ખુદાએ ઝુલ જલાલની ક઼સમ ! હું ત્યાં સુધી ખાઈશ નહીં જ્યાં સુધી હુઝૂર ﷺને ન જોઈ લઉં.

આપનાં વાલિદાએ લોકોની અવર જવર ખત્મ થતા સુધી રાહ જોઈ અને મોડી રાત્રે આપને લઈને હઝરત અરકમના ઘરે હઝરત સિદ્દીક઼ે અકબરને હુઝૂર ﷺની ખિદમતમાં લઈ ગયાં. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ હુઝૂર ﷺની સાથે ભેટી પડયા અને હુઝૂર ﷺ પોતાના આશિકે સાદિક઼ને ભેટીને રડયા અને હઝરત અબૂબક્રની હાલત જોઈને સૌ રડવા લાગ્યા. *(તારીખુલ ખુલફા વગેરે)*

આ પ્રસંગ જાહેર કરે છે કે આક઼ાએ દો જહાં ﷺથી હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہને અતિશય કક્ષાની મહોબ્બત હતી. અને કેમ ન હોય ! :–

*મુહમ્મદ હૈ મતાએ આલમે ઈઝાદસે પ્યારા*
*પિદર માદર બિરાદર જાનો માલ ઔલાદસે પ્યારા (ﷺ)*

★★★★

*મુહમ્મદ કી મહબ્બત દીને હક઼ કી શર્તે અવ્વલ હૈ (ﷺ)*
*ઈસીમેં હૈ અગર ખામી તો સબ કુછ નામુકમ્મલ હૈ*

## ★ સિદ્દીક઼ે અકબરની અડગતા ★

હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ લખે છે કે હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہએ ઓસામાના લશ્કરને પરત ન કર્યું જેને હુઝૂર ﷺએ પોતાના જાહેરી હયાતના અંતમાં શામ (સિરીયા) તરફ



રવાના કર્યું હતું. હજી એ લશ્કર થોડે દૂર જ પહોંચ્યું હતું અને મદીના તયબાહની નજીક ઝીખશબ સ્થળે હતું એવામાં હુઝૂરે અક઼દસ ﷺએ આ જગતથી પર્દો ફર્માવી લીધો. આ ખબર સાંભળીને મદીનાની આસપાસના અરબ ઈસ્લામથી ફરી ગયા અને મુર્તદ થઈ ગયા. સહાબાએ કિરામે એકત્રિત થઈને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ પર દબાણ કર્યું કે આપ એ લશ્કરને પાછુ બોલાવી લો, કેમ કે આ સંજોગોમાં એ લશ્કરને રવાના કરવામાં કોઈ રીતે મસ્લેહત નથી. મદીનાની આસપાસ જ અરબના પુષ્કળ ગૃપો મુર્તદ થઈ ગયા અને લશ્કરને શામ મોકલી દેવામાં આવે ! ઈસ્લામના માટે એ અતિગંભીર સમય હતો. હુઝૂર ﷺના વિસાલ થવાથી કાફિરોના હોસલા વધી ગયા હતા અને તેમની મુર્દા હિંમતોમાં જાન આવી ગઈ હતી. મુનાફિક઼ો સમજતા હતા કે હવે ખેલ ખેલવાનો સમય આવી ગયો. કમજોર ઈમાનવાળા દીનથી ફરી ગયા. મુસલમાન એક એવા આઘાતમાં ભગ્નહૃદયી તથા કમજોર થયા છે જેનું દૃષ્ટાંત દુનિયાની આંખે કદી નથી જોયું, તેમનાં દિલો ઘાયલ છે અને આંખોથી અશ્રુ જારી છે, ખાવા પીવાનું બુરુ જણાય છે, જિંદગી એક અસહ્ય મુસીબત જણાય છે. એ સમયે હુઝૂર ﷺના જાનશીન માટે રાબેતા મુજબ સ્થિતિ સ્થાપવી, દીનને સંભાળવો, મુસલમાનોની હિફાઝત કરવી, ઈર્તેદાદ (દીનથી ફરી જવા)ના પ્રવાહને રોકવો કેટલો મુશ્કેલ હતો. તેમ છતાં રસૂલુલ્લાહ ﷺના રવાના કરેલા લશ્કરને પાછુ બોલાવવું અને હુઝૂર ﷺની મુબારક મરજી વિરુધ્ધ હિંમત કરવી સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہને માન્ય ન હતું અને એ કામને આપ દરેક મુશ્કેલીથી અધિક મુશ્કેલ સમજતા હતા. એના પર સહાબાનો આગ્રહ કે લશ્કર પાછુ બોલાવી લેવામાં આવે અને ખૂદ ઓસામાનું પલટીને આવવું અને અર્ઝ કરવું કે અરબના ક઼બીલા જંગ માટે તૈયાર અને ઈસ્લામને ફેંદી નાખવા તત્પર છે અને ભવ્ય બહાદુરો મારા લશ્કરમાં છે એમને અત્યારના સંજોગોમાં

રોમ મોકલવા અને આપણા મુલ્કને આવા દિલાવર જંગના મર્દોથી ખાલી કરી આપવો કોઈ રીતે યોગ્ય નથી જણાતું. આ હઝરત સિદ્દીક઼ رضی اللہ عنہના માટે અધિક મુશ્કેલી હતી.

સહાબાએ કિરામે સ્વીકાર્યું છે કે એ સમયે હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના સ્થાને બીજો કોઈ હોત તો કદી પણ અડગ ન રહેત અને મુસીબતો તથા ચિંતાઓનું આ ઝુંડ અને પોતાની જમાઅતની પરેશાન હાલત તેમને ડગમગાવી આપત. પણ અલ્લાહુ અકબર ! હઝરત સિદ્દીક઼ે અકબરની અડગતામાં રજ માત્ર પણ અસર ન થઈ અને આપે ફર્માવ્યું કે જો પક્ષીઓ મારી બોટીઓ ચૂંથી ખાઈ તો એ મને માન્ય છે પણ હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمની મરજી મુબારકમાં મારી રાયને ડખલ દેવું અને હુઝૂર صلی اللہ علیہ وسلمના રવાના કરેલા લશ્કરને પરત કરવું માન્ય નથી, એ મારાથી નથી થઈ શક્તું. જેથી એ હાલતમાં આપે લશ્કરને રવાના કરી આપ્યું. એનાથી હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની આશ્ચર્ય પમાડે તેવી સુજાઅત (બહાદુરી) તથા લિયાક઼ત અને કમાલની દિલેરી તથા જવાંમર્દીની ઉપરાંત તેમના સાચા તવક્કુલની પણ ભાળ મળે છે અને દુશ્મન પણ ન્યાયની રીતે એ કહેવા પર મજબૂર થાય છે કે ખુદા તઆલાએ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمના પછી ખિલાફત તથા જાનશીનીની આ'લા ક઼ાબેલિયત તથા લાયકાત હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہને અતા કરી હતી.

હવે એ લશ્કર રવાના થયું અને જે ક઼બીલાઓ મુર્તદ થવા માટે તૈયાર હતા અને એવું સમજી રહ્યા હતા કે હુઝૂર صلی اللہ علیہ وسلم પછી ઈસ્લામનું માળખુ જરૂર વેરવિખેર થઈ જશે અને તેનો પ્રભાવ બાકી નહીં રહે, તેમણે જોયું કે ઈસ્લામનું લશ્કર રોમીઓને કચડવા માટે રવાના થઈ ગયું, એ સમયે તેમના કાલ્પનિક મનસૂબા ગલત થઈ ગયા અને તેમણે સમજી લીધું કે સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ પોતાના મુબારક કાળમાં ઈસ્લામના માટે એવો જબરદસ્ત બંદોબસ્ત કરી



આપ્યો છે જેનાથી મુસલમાનોનું માળખુ વિખેરાઈ નથી શક્તું. અને તેઓ આવા ગમ તથા રંજના સમયમાં પણ ઈસ્લામની તબ્લીગ તથા ફેલાવા માટે અને પોતાના સામે દુનિયાની ક઼ૌમોને ઝુકાવવા માટે એક પ્રખ્યાત જબરદસ્ત ક઼ૌમ પર લશ્કરી ઘેરાવ કરી રહ્યા છે, જેથી એ ખયાલ ગલત છે કે ઈસ્લામ નાબૂદ થઈ જશે અને એનામાં શક્તિ બાકી ન રહેશે. બલ્કે હવે સબ્રની સાથે જોવું જોઈએ કે એ લશ્કર કેવી શાનની સાથે પરત થાય છે. અલ્લાહ عزوجلના ફઝ્લથી એ લશ્કર વિજય પામ્યું અને રોમીઓની હાર થઈ. જ્યારે એ વિજયી લશ્કર પરત આવ્યું તે વખતે તે સર્વ કબીલાઓ જેઓ મુર્તદ થવાનો ઈરાદો કરી ચૂક્યા હતા તેઓ એ નાપાક ઈરાદાથી દૂર થઈ ગયા અને ઈસ્લામ પર સચ્ચાઈની સાથે જામી ગયા. મહાન મહાન જલીલુલ ક઼દર સહાબીઓ જેઓ લશ્કરની રવાનગીના સમયે ખૂબ જ સખ્તપૂર્વક મતભેદ કરી રહ્યા હતા તેઓ પોતાની સોચની ખતા તથા હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની રાયના તથા તેમના ઈલ્મની વિશાળતાને માનવાવાળા બની ગયા. *(સવાનેહે કર્બલા)*

બયહકી તથા ઈબ્ને અસાકિરમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ ફર્માવ્યું કે ક઼સમ છે એ જાતની જેના સિવાય કોઈ મઅબૂદ નથી, જો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ખલીફા નિયુક્ત ન થાત તો પૃથ્વીના પટ ઉપર ખુદા તઆલાની ઈબાદત બાકી ન રહી જાત. એ જ પ્રમાણે ક઼સમ સાથે આપે ત્રણવાર ફર્માવ્યું. લોકોએ અર્ઝ કરી, હે અબૂ હુરૈરહ્ ! તમે એવું શાથી કહી રહ્યા છો ? આપે ફર્માવ્યું કે રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمએ હઝરત ઓસામાને લશ્કરના અમીર નિશ્ચિત કરીને શામની તરફ રવાના કર્યા હતા અને તે પણ ઝીખશબ સ્થળે હતા કે હુઝૂર صلی اللہ علیہ وسلمનો વિસાલ થઈ ગયો. આ ખબરને સાંભળીને મદીનાની આસપાસના અરબ મુર્તદ થઈ ગયા. સહાબાએ કિરામ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની ખિદમતમાં

આવ્યા અને આ વાત પર જોર આપ્યું કે ઓસામાના લશ્કરને પાછુ બોલાવી લો. આપે ફર્માવ્યું, કસમ છે એ જાતની જેના સિવાય કોઈ મઅબૂદ નથી ! જો રસૂલુલ્લાહ ﷺની પાક બીબીઓના પગો કૂતરાં પકડીને ઘસેડે તો પણ હું આ લશ્કરને પાછુ નથી બોલાવી શક્તો જેને અલ્લાહના રસૂલે રવાના કર્યું હતું. અને ન હું એ પરચમને નીચે ઉતારીશ જેને મારા હુઝૂરે લહેરાવ્યો હતો.

પછી ઓસામાને આગળ વધવાનો હુકમ આપ્યો. તે રવાના થયા તો મુર્તદ કબીલા ભયભીત થઈ ગયા ત્યાં સુધી કે તેઓ રોમની સલ્તનતની હદમાં પહોંચી ગયા. બંને પક્ષો વચ્ચે જંગ થઈ અને મુસલમાનોનું લશ્કર વિજયી બનીને પરત થયું જેથી આ રીતે ઈસ્લામની બોલબાલા થઈ ગઈ. *(તારીખે ખુલફા, પેજ–૫૧)*

આ રહમતે આલમ ﷺની મહોબ્બતનો જ તકાઝો હતો કે આવા નાઝુક સમયે સહાબીઓના અતિ આગ્રહ છતાં આપે હુઝૂર ﷺના રવાના કરેલા લશ્કરને પરત બોલાવવાનું અને હુઝૂર ﷺએ લહેરાવેલા ઝંડાને ઉતારવાનું માન્ય ન રાખ્યું, જેના પરિણામે દુશ્મનોની હિંમતો તૂટી ગઈ અને ઈસ્લામની ફરી બોલબાલા થઈ ગઈ. એને એ રીતે પણ કહી શકાય છે કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની હુઝૂર ﷺ પ્રત્યેની મહોબ્બતે ઈસ્લામ ઝિંદા કરી આપ્યો.

### ★ હિજરતના પ્રસંગે અબૂબક્રની જાંનિસારી ★

મક્કાના કાફિરોના જુલ્મો સિતમની મુસલમાનો પર હદ થઈ ગઈ તો રબ તઆલા તરફથી મદીનાની હિજરતનો હુકમ આવતાં આપ ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ઘરે તશરીફ લાવી તેમને જણાવ્યું કે, હે અબૂબક્ર ! અલ્લાહ તઆલાએ મને હિજરતની પરવાનગી આપી દીધી છે. હઝરત અબૂબક્ર સિદ્દીક



رضی اللہ عنہ એ અરજ કરી કે મારાં માબાપ આપ પર કુર્બાન ! મને પણ આપની હમરાહીનો શર્ફ એનાયત ફર્માવો. આપે એમની દરખાસ્ત મંજૂર ફર્માવી લીધી. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ચાર માસથી બે ઊંટણીઓ બાવળના પાન ખવડાવી ખવડાવી તૈયાર કરી રાખી હતી જેથી હિજરત વખતે એ ઊંટણીઓ સવારી માટે ઉપયોગી થશે. અરજ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ આ પૈકી એક ઊંટણી આપ કબૂલ (સ્વીકાર) ફર્માવો ! આપે ઈર્શાદ ફર્માવ્યો કે, કબૂલ છે પરંતુ હું એની કિંમત ચૂકવીશ. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ ફર્માને રિસાલતથી વિવશ થઈને અનિચ્છાએ એનો સ્વીકાર કર્યો હતો. હઝરત આઈશા رضی اللہ عنہا એ વખતે અત્યંત નાની ઉમરનાં હતાં. પરંતુ એમનાં મોટા બહેન હઝરત બીબી અસ્મા رضی اللہ عنہاએ મુસાફરીનો સરસામાન તૈયાર કર્યો અને તોશાદાનમાં ભાથુ મૂકીને પોતાનો કમ્મરપટ્ટો ફાડીને એના બે ટુકડા કર્યા, એકથી તોશાદાન બાંધ્યો. આ એ જ કાબિલે ફખ્ર (ગૌરવ લેવા જેવો) શર્ફ છે જેના લીધે એમને "ઝાતુન્ નત્તાકૈન" (બે પટ્ટાવાળી)ના સન્માનિત લકબથી યાદ કરવામાં આવે છે.

આ પછી હુઝૂર ﷺ એ એક કાફિરને જેનું નામ અબ્દુલ્લાહ બિન ઉરૈકત હતું અને જે માર્ગોનો ભોમિયો હતો તેને માર્ગદર્શન માટે વળતર ઉપર નોકર રાખ્યો. અને એ બંને ઊંટણીઓ એને સોંપીને ફર્માવ્યું કે ત્રણ રાતો પછી તે એ ઊંટણીઓને લઈને ગારે થૌર પાસે આવી જાય. આ સમગ્ર વ્યવસ્થા કરી લીધા બાદ હુઝૂર ﷺ પોતાના મકાન પર તશરીફ લાવ્યા. *(બુખારી, ભાગ–૧, પેજ–૫૫૩ થી ૫૫૪, બાબે હિજરતુન્નબી ﷺ)*

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પહેલા જાતે જ એ ગુફામાં દાખલ થયા અને સારી પેઠે ગુફાની સાફ સૂફી કરી અને પોતાના શરીરનાં કપડાં ફાડી ફાડીને ગુફાનાં તમામ કાણાં બંધ કર્યાં.

ત્યારબાદ હુઝૂરે અકરમ ﷺ એ ગુફાની અંદર તશરીફ લઈ ગયા અને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના ખોળામાં પોતાનું સર મુબારક મૂકીને સૂઈ ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ એક કાણું પોતાના પગની પાનીથી બંધ કરી રાખ્યું હતું. એ કાણામાંથી એક સાપે વારંવાર યારે ગાર (હઝરત અબૂબક્ર)ના પગે દંશ દીધો પરંતુ હઝરત સિદ્દીક઼ જેવા જાંનિષારે એ વિચારથી પગ ત્યાંથી ખસેડયો ન હતો કે ક્યાંક રહમતે આલમની ચેન પૂર્વકની ઊંઘમાં ખલેલ પડે. પરંતુ અસહ્ય પીડાથી તેમની આંખોમાંથી વહી નીકળલી અશ્રુધારાના કેટલાક ટીપાં સરવરે કાઈનાત ﷺના ગાલ મુબારક ઉપર નિછાવર થઈ ગયાં જેના લીધે રહમતે આલમ ﷺ જાગી ઉઠયા અને એ ગુફામાં પોતાના સાથીને રડતો જોઈ બેચેન થઈ ગયા. પૂછયું, અબૂબક્ર ! શું થયું ? અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! ﷺ મને સાપ કરડયો છે. આ સાંભળી હુઝૂર ﷺએ તેમના ઘા પર પોતાનો લુઆબે દહન (થૂક) લગાડી દીધું જેનાથી તાત્કાલિક એમની સમગ્ર પીડા મટી ગઈ. હુઝૂરે અક઼દસ ﷺ ત્રણ રાતો સુધી એ ગુફામાં રોનક અફરોઝ રહ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના યુવાન પુત્ર હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ દરરોજ રાત્રે ગુફાના પ્રવેશદ્વાર આગળ સૂતા હતા અને વહેલી સવારે મક્કા જતા રહેતા અને એ જાણવાનો પ્રયત્ન કરતા કે કુરૈશ કેવી યોજનાઓ ઘડી રહ્યા છે ? જે કાંઈ સમાચાર મળતા સાંજે હુઝૂર ﷺ ની સેવામાં આવીને રજૂ કરી દેતા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના ગુલામ હઝરત આમિર બિન ફુહૈરા رضی اللہ عنہ રાત્રિનો થોડોક ભાગ પસાર થયા પછી ગોચરમાંથી બકરીઓ લઈને ગુફા પાસે આવી જતા અને એ બકરીઓનું દૂધ બંને આલમના તાજદાર ﷺ અને એમના ગુફાના સાથીદાર હઝરત અબૂબક્ર رضی اللہ عنہ પી લેતા હતા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૩૯)*



હુઝૂર ﷺ તો ષૌર નામની ગુફામાં તશરીફ ફર્મા થઈ ગયા. ત્યાં કાશાનએ નબુવ્વત (નબીના નિવાસ)નો ઘેરાવ કરનારા કાફિરો સવારે જ્યારે મકાનમાં દાખલ થયા ત્યારે નબીના બિસ્તરા ઉપર તો હઝરત અલી کرم اللہ وجہہ الکریم હતા. જાલિમોએ થોડીવાર સુધી આપની પૂછપરછ કર્યા પછી આપને છોડી મૂક્યા. ત્યારબાદ ખૂણેખૂણામાં હુઝૂર ﷺની શોધખોળ શરૂ કરી એટલે સુધી કે આપને શોધતા શોધતા ષૌર ગુફા સુધી પહોંચી ગયા. પરંતુ ત્યારે તો ગુફાના મુખ (પ્રવેશદ્વાર) ઉપર તો ખુદાવંદી સુરક્ષાનો કડક પહેરો ગોઠવાયેલો હતો. એટલે કે ગુફાના મુખ ઉપર કરોળિયાએ જાળુ બનાવી દીધું હતું અને એક બાજુએ કબૂતરીએ ઈંડા મૂકી દીધાં હતાં. આ દ્રશ્ય જોઈને કુરૈશના કાફિરો અંદરો અંદર એકબીજાને કહેવા લાગ્યા કે જો ગુફામાં કોઈ માણસ હોત તો ન તો કરોળિયાએ તેનું જાળુ વણ્યું હોત કે ન તો કબૂતરીએ ઈંડાં મૂક્યાં હોત. કાફિરોનો પગરવ સાંભળીને અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ થોડાક ગભરાયા અને અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! ﷺ હવે આપણા દુશ્મનો એટલા બધા નજીક આવી ગયા છે કે જો તેઓ પોતાના પગો તરફ નજર કરશે તો આપણને જોઈ લેશે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે :–

**لَا تَحۡزَنۡ اِنَّ اللّٰہَ مَعَنَا** ''ગભરાશો નહીં ! નિઃશંક ! ખુદા આપણી સાથે છે.''

આના પછી અલ્લાહ તઆલાએ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના મન ઉપર સુકૂન અને ઈત્મિનાનનો એવો સકીના ઉતારી દીધો કે તે એકદમ નિર્ભય થઈ ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની આ એ જ કુર્બાનીઓ છે જેમના વિશે દરબારે નબુવ્વતના મશહૂર શાયર હઝરત હસ્સાન બિન ષાબિત અન્સારી رضی اللہ عنہએ બહુ જ સરસ કહ્યું છે :–

وَثَانِىَ ثُنَيْنِ فِى الْغَارِ الْمُنِيْفِ وَقَدْ

طَافَ الْعَدُوُّ بِهٖ اِذْ صَاعَدَ الْجَبَلَا

અને બે પૈકીના બીજા (અબૂબક્ર) જ્યારે પહાડ ઉપર ચઢીને ઉચ્ચ દરજ્જાવાળી ગુફામાં એવી સ્થિતિમાં હતા કે દુશ્મન એમની ફરતે આંટા ફેરા કરી રહ્યો હતો.

وَكَانَ حِبَّ رَسُوْلِ اللهِ قَدْ عَلِمُوْا

مِنَ الْخَلَائِقِ لَمْ يَعْدِلْ بِهٖ بَدَلًا

અને તેઓ (અબૂબક્ર) રસૂલુલ્લાહ ﷺ ના મહબૂબ હતા. સર્વ સૃષ્ટિ (તમામ મખ્લૂક઼) એ વાત જાણે છે કે હુઝૂર ﷺએ કોઈને પણ એમની બરાબર ઠેરવ્યા ન હતા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૩૭)*

ચોથા દિવસે હુઝૂર ﷺ પહેલી રબીઉલ અવ્વલ સોમવારના રોજ ષૌર ગુફામાંથી બહાર તશરીફ લાવ્યા. માર્ગદર્શન માટે જે ભોમિયાની સેવાઓ ભાડે મેળવવામાં આવી હતી તે અબ્દુલ્લાહ બિન ઉરૈકિત અગાઉ નક્કી થયા પ્રમાણે બે ઊંટણીઓ લઈને ષૌર ગુફા પર હાજર થઈ ગયો હતો. હુઝૂર ﷺ પોતાની ઊંટણી પર સવાર થયા અને એક ઊંટણી ઉપર હઝરત અબૂબક્ર અને હઝરત આમિર બિન ફુહૈરા رضی اللہ عنہما બેઠા અને અબ્દુલ્લાહ બિન ઉરૈકિત આગળ આગળ પેદલ ચાલવા લાગ્યો અને જાહેર માર્ગ છોડીને દરિયાકાંઠાના અજાણ્યા માર્ગો દ્વારા આગળનો પ્રવાસ શરૂ કર્યો. સારાંશ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ હુઝૂર ﷺની સાથે જ રહીને જીવન મુબારકના દરેક પ્રતિકૂળ તથા તકલીફના સંજોગોમાં જાનના જોખમે હમેશાં આપ ﷺનો સાથ નિભાવી આપના અજોડ જાંનિસાર આશિક઼ હોવાનો ફરજ નિભાવી હતી.



## ★ ઝકાતના મુન્કિરો અને સિદ્દીકે અકબર ★

રહમતે આલમ ﷺનો ઈન્તેકાલ થતાં અમુક લોકો તો ઈસ્લામને સદંતર ત્યજીને મુર્તદ થઈ ગયા અને અમુકે કહ્યું કે અમે ઝકાત આપીશું નહીં, એટલે કે એના ફર્ઝ હોવાના મુન્કિર થઈ ગયા. અને ઝકાતની ફર્ઝિયત નસ્સે ક઼તઈ (કુર્આની દલીલ)થી સાબિત છે જેથી તેના મુન્કિર થઈને તેઓ પણ મુર્તદ થઈ ગયા.

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ તેમની સાથે જેહાદનો ઈરાદો કર્યો તો હઝરત ઉમર અને અમુક અન્ય સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ તેમને કહ્યું કે અત્યારે ઝકાતના મુન્કિરો સાથે જંગ કરવી યોગ્ય નથી. આપે ફર્માવ્યું કે, ખુદાની ક઼સમ ! જો તે લોકો એક રસ્સી અથવા બકરીનું એક બચ્ચુ પણ હુઝૂર ﷺના જમાનામાં ઝકાત આપ્યા કરતા હતા અને હવે તે આપવાથી ઈન્કાર કરશે તો હું તેમની સાથે જંગ કરીશ. *(તારીખે ખુલફા, પેજ–૫૧)*

પછી આપ મુહાજિરો તથા અન્સારને લઈને અઅ્રાબની તરફ નીકળી પડયા અને જ્યારે તેઓ ભાગી નીકળ્યા તો હઝરત ખાલિદ رضی اللہ عنہને આપ લશ્કરના અમીર બનાવીને પરત આવ્યા. તેમણે અઅ્રાબને ઠેક ઠેકાણે ઘેર્યા તો અલ્લાહ તઆલાએ દરેક સ્થળે તેમને ફતહ આપી. હવે સહાબાએ કિરામ ખાસ કરીને હઝરત ઉમરે આપની રાય સહીહ હોવાનો સ્વીકાર કર્યો અને કહ્યું કે ખુદાની ક઼સમ ! અલ્લાહ તઆલાએ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہનો સીનો ખોલી આપ્યો છે અને તેમણે જે કાંઈ કર્યું તે હક્ક઼ છે.

અને હક઼ીક઼ત પણ એ જ છે કે જો તે સમયે ઝકાતના મુન્કિરો વિરુધ્ધ કાર્યવાહી ન થાત અને તેમને છૂટ આપવામાં આવત તો પછી કેટલાક લોકો નમાઝના પણ મુન્કિર થઈ જાત અને કેટલાક

રોઝાનો પણ ઈન્કાર કરી આપત અને કેટલાક લોકો અન્ય જરૂરી ચીજોનો ઈન્કાર કરી આપત તો ઈસ્લામ પોતાની શાનો શૌકતની સાથે બાકી ન રહેત, બલ્કે ખેલ બની જાત અને તેનું બંધારણ વેરવિખેર થઈ જાત.

ઝકાતના મુન્કિરો અને તેમની સાથે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના વર્તનના પરિણામે હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ લખે છે : "અહીંથી મુસલમાનોએ સબક લેવો જોઈએ કે કોઈ પણ સંજોગોમાં હક્કની તરફદારી અને નાહક્કનો વિરોધ કરવો જરૂરી છે અને જે કૌમ નાહક્કનો વિરોધ કરવામાં સુસ્તી કરશે તે વહેલી તકે તબાહ થઈ જશે. આજકાલ અમુક ભોળા ભાળા લોકો બાતિલ ફિર્કાઓનો રદ કરવાની પણ મનાઈ કરે છે અને કહે છે કે અત્યારે સંજોગો આમ છે અને તેમ છે જેથી આપસની જંગ મૌકૂફ કરો. તેમણે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની અમલી પદ્ધતિ પરથી બોધ લેવો જોઈએ કે આપે આટલા નાઝુક સમયે (ગંભીર સંજોગોમાં) પણ બાલિતનું માથુ કચૂંડવામાં ખચકાટ ન અનુભવ્યો, જે ફિર્કાઓ ઈસ્લામને નુકસાન પહોંચાડવા માટે પેદા થયા છે તેમનાથી ગફલત વર્તવું એ યકીનન ! ઈસ્લામને નુકસાન પહોંચાડવું છે. *(સવાનેહે કર્બલા)*

આ પ્રસંગ પરથી એ પણ જાણવા મળ્યું કે કેવળ કલ્મો તથા નમાઝ મુસલમાન થવા માટે પૂરતાં નથી બલ્કે ઈસ્લામની સઘળી વાતોને માનવું જરૂરી છે, જેથી જો કોઈ વ્યક્તિ ઈસ્લામના સર્વ એહકામ (હુકમો) પર ઈમાન ધરાવતો હોય પરંતુ જરૂરિયાતે દીનમાંથી કોઈ એક વાતનો ઈન્કાર કરતો હોય તો તે કાફિર મુર્તદ છે, જેવી રીતે કે ઝકાતના મુન્કિરો એક વાતનો ઈન્કાર કરી મુર્તદ (ઈસ્લામથી બહાર ) થઈ ગયા. ! نَعُوْذُ بِاللّٰہِ مِنْ ذٰلِکَ

અને મુસૈલમા કઝ્ઝાબ (નબી હોવાનો જૂઠો દાવેદાર)ના સાથી



તથા ઝકાતના મુન્કિરો કાફિર મુર્તદ થવાથી એ સાબિત થયું કે "અરબમાં કાફિર તથા મુર્તદ ન થશે" એ કહેવું ગલત છે. જેમ કે વહાબી નજદીને કાફિર કહેતાં અમુક બાતિલો આ દલીલ કરે છે, તો એમની આ દલીલ પાયાહિન છે.

## ★ એક ગલત આક્ષેપનું નિવારણ ★

રાફઝીઓ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પર આક્ષેપ લગાડે છે કે તેમણે હુઝૂર صلی اللہ علیہ وسلمના બાગે ફિદકને હડપ કરી લીધો અને હઝરત ફાતિમા رضی اللہ عنہાને નથી આપ્યો. તો એનો જવાબ એ છે કે અંબિયાએ કિરામ કોઈને પોતાના માલનો વારસ નથી બનાવતા. તેઓ જે કાંઈ માલ છોડી જાય છે તે સર્વ સદકો હોય છે. જેમ કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી હદીષ શરીફ રિવાયત પામી છે કે સરકારે અકદસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અમે અંબિયાનો ગિરોહ કોઈને અમારો વારસદાર નથી બનાવતા, અમે જે કાંઈ છોડી જઈએ છીએ તે સર્વ સદકો છે. *(બુખારી, મુસ્લિમ, મિશ્કાત, પેજ–૫૫૦)*

અને મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૯૧ ઉપર છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمના વિસાલ ફર્માવી ગયા બાદ અજવાઝે મુતહ્હરાત (પવિત્ર બીબીઓ)એ ઈચ્છયું કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના થકી હુઝૂર صلی اللہ علیہ وسلمના માલમાંથી પોતાનો હિસ્સો વહેંચાવે. તો હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ ફર્માવ્યું, શું હુઝૂર صلی اللہ علیہ وسلمએ નથી ફર્માવ્યું કે અમે કોઈને અમારા માલના વારસદાર નથી બનાવતા, અમે જે કાંઈ છોડી જઈએ છીએ સર્વ સદકો છે.

અને બુખારી, ભાગ–૨, પેજ–૫૭૫ તથા મુસ્લિમ, ભાગ–૨, પેજ–૯૦માં હઝરત માલિક બિન અવસ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે સહાબાના મજમામાં હઝરત અબ્બાસ, હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ, હઝરત ઝુબૈર

ઈબ્ને અવામ તથા હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضوان الله تعالى عليهم اجمعين મૌજૂદ હતા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ સૌને કસમ આપીને ફર્માવ્યું, શું તમે લોકો જાણો છો કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું છે કે અમે કોઈને વારસ નથી બનાવતા, અમે જે કાંઈ છોડી જઈએ છીએ તે સદકો છે. તો સૌએ સ્વીકાર કર્યું કે હા, હુઝૂર ﷺ એ એવું ફર્માવ્યું છે.

આ હદીષો સહીહ હોવાની સાબિતી એ છે કે જ્યારે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની ખિલાફતનો જમાનો આવ્યો અને હુઝૂર ﷺ નો વારસો ખૈબર તથા ફિદક વગેરે તેમના કબજામાં થયો અને પછી તેમના બાદ હસ્નૈન કરીમૈન વગેરેના અધિકારમાં રહ્યો પણ એમનામાંથી કોઈએ અજવાઝે મુતહ્હરાત (પવિત્ર બીબીઓ), હઝરત અબ્બાસ તથા તેમની ઔલાદને બાગે ફિદક વગેરેથી હિસ્સો ન આપ્યો. જેથી માનવું પડશે કે નબીના છોડેલા માલના વારસામાં વારસાપણુ લાગુ નથી થતું એટલા માટે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا ને બાગે ફિદક નથી આપ્યો ન કે અદાવતના સબબે, જેમ કે રાફઝીઓનો આક્ષેપ છે. અને આયતે કરીમા وَوَرِثَ سُلَيْمَانُ دَاوُدَ ના ઉપરાંત કુર્આન મજીદ તથા હદીષ શરીફમાં જ્યાં પણ ક્યાંક અંબિયાએ કિરામના વારસાનો ઉલ્લેખ છે એનાથી ઈલ્મે શરીઅત તથા નબુવ્વત જ મુરાદ છે ન કે દિરહમ તથા દીનાર.

## ★ બીમારી તથા વફાત ★

વાકેદી તથા હાકિમમાં છે : હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ બયાન ફર્માવ્યું કે વાલિદે ગિરામી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની બીમારીનો પ્રારંભ એ રીતે થયો કે આપે ૭ જમાદીઉલ આખર પીરના દિવસે ગુસ્લ કર્યું. તે દિવસે ઠંડી ખૂબ જ અધિક હતી જે



અસર કરી ગઈ. આપને તાવ આવી ગયો અને પંદર દિવસ સુધી આપ બીમાર રહ્યા. આ દરમ્યાન આપ નમાઝના માટે પણ ઘરથી બહાર તશરીફ ન લાવી શક્યા. છેવટે જાહેરી રીતે તો એ જ તાવના કારણે ૬૩ વરસની ઉમરમાં બે વરસ બે મહીનાથી કાંઈક અધિક ખિલાફતની કાર્યવાહી નિભાવ્યા બાદ ૨૨–જમાદીઉલ આખર હિ.સ. ૧૩માં આપની વફાત થઈ અને આકાએ દો આલમ ﷺ ના બાજુમાં દફન થયા.

આપની વફાત પર હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું, "હે મુસ્લિમોના ખલીફા ! તમારી વફાતે મુસલમાનોને સખ્ત મુસીબત તથા મુશ્કેલીઓમાં મૂકી દીધી છે, અમે તમારી ધૂળ સુધી પણ નથી પહોંચી શક્તા, તો તમારા મર્તબાને તો કઈ રીતે પામી શકીએ !" *(શાને સહાબા)*

હઝરત સિદ્દીકે અકબરે رضی اللہ عنہ જીવનભર રસૂલુલ્લાહ ﷺ ની દોસ્તીનો હક્ક અદા કર્યો તો મૌત પછી પણ સંગાથનો આ શરફ તેમને હાંસલ રહ્યો. ઈન્તેકાલથી પહેલાં વસીયત કરી કે મારી મૈયતને કફન આપ્યા બાદ આકાએ દો જહાં ﷺ ના રોઝા મુબારક સામે રાખી દેજો અને કહેશો, "અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! અબૂબક્ર આસ્તાના આલિયા પર હાજર છે !" જો દરવાજો આપોઆપ ખુલી ગયો તો મને અંદર દફન કરી આપશો, નહીં તો જન્નતુલ બકીઅમાં લઈ જજો.

જ્યારે વસીયતના પ્રમાણે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ નો જનાઝો રોઝા મુબારક નજીક લાવવામાં આવ્યો અને વસીયત પ્રમાણે અર્ઝ કરવામાં આવી તો દરવાજો આપોઆપ ખુલી ગયો અને અવાજ આવ્યો કે, "દોસ્તને દોસ્તની પાસે લઈ આવો." જેથી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ને રસૂલુલ્લાહ ﷺ ની નજીકમાં દફન કરવામાં આવ્યા." *(શાને સહાબા)*

## ★ આપની કરામતો ★

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہથી ઘણી કરામતો જાહેર થઈ છે જેમાંથી અમુક કરામતોનું વર્ણન અહીં કરવામાં આવે છે :–

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબૂબક્ર رضی اللہ عنہما થી રિવાયત છે. તેમણે ફર્માવ્યું કે એક વાર મારા પિતા હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ અસ્હાબે સુફ્ફામાંથી ત્રણ માણસોને અમારા ઘરે લાવ્યા અને તેમને ખાણુ ખવડાવવાનો હુકમ આપીને ખૂદ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં ચાલ્યા ગયા, ત્યાં સુધી કે આપે રાતનું ખાણુ હુઝૂર ﷺના ત્યાં જ ખાઈ લીધું અને ઘણી અધિક રાત વહી ગયા બાદ ઘરે પધાર્યા. તેમના પત્નીએ કહ્યું કે મહેમાનો પાસે આવવામાં તમને કઈ ચીજે રોકી રાખ્યા ? આપે ફર્માવ્યું કે શું તમે હજી સુધી મહેમાનોને ખાવા નથી ખવડાવ્યું ? તેમણે અર્ઝ કરી કે મેં ખાણુ પેશ કર્યું હતું પણ મહેમાનોએ આપના વગર ખાણુ ખાવાની ના પાડી દીધી. આ સાંભળીને આપ આપના સાહબઝાદા હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ પર સખત નારાજ થયા અને તેમને ખૂબ બોલ્યા કે તેણે મને શા માટે ખબર ન કરી ? પછી ખાવા મંગાવીને મહેમાનોની સાથે બેસી ગયા.

રાવીનું બયાન છે કે ખુદાની ક઼સમ ! અમે જે પણ લુકમો ઉઠાવતા તેની નીચે ખાણુ એનાથી અધિક થઈ જતુ, ત્યાં સુધી કે અમે સૌ ધરાઈ ગયા અને જેટલુ ખાવા પહેલાં હતું એનાથી અધિક બચેલુ રહ્યું. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ આશ્ચર્યમાં પડીને પોતાનાં બીવીને કહ્યું કે આ શો મામલો છે કે વાસણમાં ખાવા પહેલાં કરતાં કાંઈક અધિક જોવા મળે છે ? આપનાં બીવીએ ક઼સમ ખાઈને કહ્યું કે નિઃશંક ! આ ખાણુ પહેલાં કરતાં ત્રણ ગણુ વધારે છે. પછી તે ખાણુ ઉઠાવીને હુઝૂર ﷺની ખિદમતમાં લઈ ગયા. સવાર સુધી ખાણુ બારગાહે રિસાલતમાં રહ્યું. મુસલમાન અને કાફિરોની



વચ્ચે એક ક઼રાર થયો હતો જેની મુદ્દત ખત્મ થઈ ગઈ હતી તો એ દિવસે સવારે એક લશ્કર તૈયાર કરવામાં આવ્યું જેમાં ઘણા બધા માણસો હતા. પૂરી ફોજે તે ખાવાને ધરાઈને ખાધુ, છતાં તે વાસણમાં ખાવા ઓછુ ન થયું. *(બુખારી, પેજ–૫૦૬, ભાગ–૧)*

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે : તેમણે ફર્માવ્યું કે મારા પિતા હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ પોતાના મૃત્યુ વેળા વસીયત કરતાં કહ્યું કે, મારી પ્યારી બેટી ! મારી પાસે જે કાંઈ મારો માલ હતો, તે માલ આજે મારા વારસોનો થઈ ચૂકયો છે. મારી ઔલાદમાં તમારા બે ભાઈ અબ્દુર્રહમાન તથા મુહમ્મદ છે અને તમારી બે બહેનો છે. જેથી મારા માલને તમે લોકો કુર્આનના ફર્માન મુજબ વહેંચીને પોતપોતાનો હિસ્સો લઈ લેજો. હઝરત આઈશા رضی اللہ عنہاએ અર્ઝ કરી કે અબ્બાજાન ! મારી તો એક જ બહેન બીબી અસ્મા છે, આ મારી બીજી બહેન કોણ ? આપે ફર્માવ્યું કે તારી સોતેલી માં હબીબા બિન્તે ખારજા જે સગર્ભા છે, તેણીના પેટમાં પુત્રી છે તે જ તમારી બીજી બહેન છે. જેથી આપના વિસાલ ફર્માવ્યા પછી આપના ફર્માવ્યાનુસાર હબીબા બિન્તે ખારજાના પેટથી પુત્રી (ઉમ્મે કુલ્થૂમ) જ પેદા થયાં. *(મોઅત્તા ઈમામ મુહમ્મદ)*

આ હદીષ શરીફમાં આપની બે મહાન કરામતો સાબિત થઈ. પ્રથમ કરામત એ કે વફાત પહેલાં આપને એ વાતનો ઈલ્મ થઈ ગયો હતો કે હું આ બીમારીમાં મૃત્યુ પામીશ. અને બીજી કરામત એ કે સગર્ભાના પેટમાં પુત્રી છે.

## ★ આપની વિશિષ્ટતાઓ ★

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہમાં ઘણી બધી વિશિષ્ટતાઓ જોવા મળે છે જેમાંથી અમુક વિશિષ્ટતાઓને અમે આપની સમક્ષ રજૂ કરીએ છીએ. ઈબ્ને અસાકિર ઈમામ શઅબીથી રિવાયત કરે છે. તેમણે ફર્માવ્યું કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને ખુદા جل جلالہ એ

એવી ચાર ખૂબીઓ વડે નવાજ્યા જેનાથી કોઈને નથી નવાજ્યા : **૧.** આપનું નામ સિદ્દીક઼ રાખ્યું અને કોઈ અન્યનું નામ સિદ્દીક઼ નથી. **૨.** આપ રસૂલે ખુદા ﷺની સાથે ગારે સૌરમાં રહ્યા. **૩.** આપ હુઝૂર ﷺની હિજરતમાં સફરના સાથી રહ્યા. **૪.** સરકારે અક઼દસ ﷺએ આપને હુકમ ફર્માવ્યો કે આપ સહાબાએ કિરામને નમાઝ પઢાવો અને અન્ય લોકો આપના મુક઼તદી બને. એક ઘણી જ મોટી વિશિષ્ટતા આપની એ પણ છે કે આપ સહાબી છે, આપના પિતા અબૂ ક઼હાફા સહાબી, આપના સાહબઝાદા અબ્દુર્રહમાન તથા તેમના સાહબઝાદા અબૂ અતીક઼ મુહમ્મદ સહાબી એટલે કે આપની ચાર પેઢીઓ સહાબી છે. رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ

**સાયએ મુસ્તફા માયએ ઈસ્તફા**
**ઈઝ્ઝો નાઝે ખિલાફત પે લાખોં સલામ**
**ચઅની ઉસ ફઝ્લુલ્ ખલ્ક઼ બઅદર્રુસૂલ**
**ષાનિ મષ્નૈને હિજરત પે લાખોં સલામ**

## ★ સિદ્દીક઼ે અકબરની અંતિમ ઈચ્છા ★

સરકારે દો આલમ ﷺનું ફર્માન છે કે, "જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી, અને જેણે મારાથી મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે." *(તિર્મિઝી, મિશ્કાત)*

સુન્નતો વિશે હદીષો તો આપણે સાંભળીએ છીએ પણ અમલના મેદાનમાં ઘણા દૂર રહીએ છીએ. જ્યારે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ જીવનભર રસૂલે પાક ﷺની સુન્નતોથી મહોબ્બત કરી તેને અપનાવી, બલ્કે સુન્નતોની તલાશમાં રહેતા હતા કે કોઈ સુન્નત મારાથી અમલ કરવામાં બાકી ન રહી જાય. એટલું જ નહીં બલ્કે અમીરુલ મુ'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ તેમના મૃત્યુના માત્ર અમુક કલાક પહેલાં હઝરત આઈશા رضی اللہ عنہاથી પૂછયું



કે, રસૂલુલ્લાહ ﷺના મુબારક કફનમાં કેટલાં કપડાં હતાં ? અને આપનું મૃત્યુ કયા દિવસે થયું ? આ પ્રશ્નોનું કારણ એ હતું કે આપની એવી પરમ ઈચ્છા હતી કે જીવનની દરેક પળોમાં તો મેં મારા બધા જ વ્યવહારોમાં હુઝૂરે અકરમ ﷺ ની મુબારક સુન્નતોનું પૂર્ણ રીતે અનુસરણ કર્યું છે પણ મૃત્યુ બાદ કફન અને વફાતના દિવસે પણ મને આપની સુન્નતનું અનુસરણ પ્રાપ્ત થાય.

*–(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૮૬, બાબ મૌતુલ ઈષ્નૈન)*

## અર્શ કી અક઼્લ દંગ હૈ, ચર્ખ મેં આસમાન હૈ..... ★ ★ ★ ★

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ

અર્શ કી અક઼્લ દંગ હૈ, ચર્ખ મેં આસમાન હૈ
જાને મુરાદ અબ કિધર હાય ! તેરા મકાન હૈ
અર્શ પે તાઝા છેળ છાળ ફર્શ પે તુર્ફા ધૂમ–ધામ
કાન જિધર લગાઈએ તેરી હી દાસ્તાન હૈ

મુઝ સા સિયાહકાર કૌન ઉનસા શફીઅ હૈ કહાં
ફિર વો તુઝી કો ભૂલ જાએ દિલ યે તેરા ગુમાન હૈ
વો જો ન થે તો કુછ ન થા વો જો ન હો તો કુછ ન હો
જાન હૈ વો જહાન કી, જાન હૈ તો જહાન હૈ

પેશે નજર વો નૌબહાર સજદે કો દિલ હૈ બેક઼રાર
રોકિએ સર કો રોકિએ હાં યહી તો ઈમ્તેહાન હૈ
બારે જલાલ ઉઠા લિયા ગરચે કલેજા શક઼ હૂઆ
યૂં તો યે માહ સબ્ઝ રંગ નજરોં મેં ધાન પાન હૈ

ખૌફ ન રખ **'રઝા'** ઝરા તૂ તો હૈ અબ્દે મુસ્તફા
તેરે લિએ અમાન હૈ તેરે લિએ અમાન હૈ